શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
સપ્ટેમ્બર : ૨૦૧૮ • અંક : ૦૩
પાના નં. ૧ • કુલ પેજ : ૪૮

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-
પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૯-૨૦૧૮



ગણેશ ચતુર્થી




આ અંકના સૌજન્યદાતા

અંજલિ જ્વેલર્સ - અમદાવાદ

કતીરા ક્યુબ ટ્રાન્સપ્લાઝા પ્રા. લિ.
અમદાવાદ / ભુજ

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

SWASTIK GUM INDUSTRIES (INDIA)

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

SILICON®
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ :

iolite

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE
HOUSE READY
100%* LOAN
PAPERS AVAILABLE
ALL USEFUL
AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


Patel Tours & Travels®
CENTRALISE NO : (079) 26838788, 88661 55888
WWW.PTTBUS.IN
PATEL
NO. 1
Transportation In Gujarat
Online Booking:
www.pttbus.in
AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT
BUS AVAILABLE HIRE A.C NO A.C 3X2 & VOLVO 2X2 BUS
(A.C, NON A.C SLEEPER)
PALDI
8, Shorff Chembers,
Opp. Navchetan High School, Paldi, Ahmedabad.
M. 9925433888, 9925244253
RAJKOT
Nr. Big Bazar, 150ft Ring Road, Rajkot.
M. 9909022441
SATELLITE
Mans Complex, Jodhpur Char Rasta,
Satellite, Ahmedabad.
M. 7874278688, 9925244293
PUNE
Gogte Travels, Shop No. 29, Patil Plaza,
Mitramandal Chawk, Parvati, Pune-9.
M. 9689895487
S.G. HIGHWAY
Circle-P, Near Prahladnagar Garden, B/s.
Honest Restaurant, S.G. Highway, Ahmedabad.
M. 7874178688, 8866088818
SURAT
Hira Baug, Opp. H.P. Petrol Pump, Surat.
M. 9909977996
BARODA
Harikrupa Building, Nr. Pandya Bridge,
Chhani Road, Baroda.
M. 7874478688, 9925244275
JUNAGADH
Seem Complex, Majewadi Darwaja,
Rajkot Highway, Junagadh.
M. 9925244289
JAMNAGAR
Shop no.2, Shilp Apartment, Indira Marg,
Gurudwara, Jamnagar.
M. 9909009844
PARCEL SERVICE AVAILABLE
ALL ROUTE
PAY & TO PAY
BHUJ
Opp. V.D. High School, Bhuj.
M. 9925244259/60
e-mail:
patelinn@yahoo.com

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"

કચ્છશ્રુતિ, ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં જણાવ્યા અનુસાર તેના સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકથી એટલે કે ચાલુ અંકથી માત્ર તેના લવાજમ ભરનાર સભ્યોને જ મોકલવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. કેટલાક લેખકશ્રીઓ, જાહેર કાર્યકરો વગેરેને કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે. જાહેરાત આપનાર મહાનુભાવોને પણ કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે.

જે જે મહાનુભાવોને સપ્ટેમ્બર-૨૦૧૮ના અંક મળ્યા નથી તેઓને પોતાના લવાજમો તાત્કાલિક સમાજની ઑફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. જેઓ હજુ સુધી કચ્છશ્રુતિના અંકો મંગાવતા નથી તેઓને પણ પોતાના લવાજમ વહેલી તકે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિના અંકોમાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના સમાચાર, બૃહદ્ કચ્છના કચ્છીઓના સમાચાર, વર્તમાન બનાવો વિશેના લેખો, ચિંતન - મનનીય - આધ્યાત્મિક લેખો, માહિતીપ્રદ તેમજ સ્વાસ્થ્ય અંગેના લેખો સહિત અનેક પ્રકારનું સાહિત્ય પીરસવામાં આવે છે. સાથે સાથે શબ્દ શોધ, હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ જેવા હળવા વિભાગો પણ આપવામાં આવે છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના સંપર્કમાં રહેવા કચ્છશ્રુતિ ઉત્તમ માધ્યમ બની રહેલ છે. આપશ્રી તેનાથી વંચિત ના રહો તે માટે આપને ત્યાં કચ્છશ્રુતિ નિયમિતપણે આવતું રહે તે અત્યંત આવશ્યક છે.

કચ્છશ્રુતિના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે :

- *બે વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-*
- *પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-*
- *પંદર (આજીવન) વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

આપશ્રી "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ"ના નામનો ચેક લખી કાર્યાલય પર મોકલી શકશો અથવા નીચેની વિગત પ્રમાણે તેના બેંક ખાતામાં તે રકમ ડાયરેક્ટ જમા કરાવી, સંસ્થાને એક અલગ પત્ર દ્વારા તેની વિગત મોકલી શકો છો.

**બેંકની વિગત :**

| | |
|---|---|
| *ખાતાનું નામ* | : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ |
| *બેંક* | : શ્રી ભુજ મર્કેન્ટાઇલ કો.ઓપરેટિવ બેંક લિ.<br>વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| *એકાઉન્ટ નંબર* | : ૪૬૩૦૦૯૨૦૫૦૮૦૪૦૨ |
| *આઈ.એફ.એસ. કોડ* | : HDFCOCBMCBJ |
| *સમાજના કાર્યાલયના ફોન નંબર* | : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ |
| *મોબાઈલ / વોટ્સએપ નંબર* | : ૯૬૦૧૨ ૭૫૦૭૮, ૯૮૭૯૦ ૬૩૧૦૦ |

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**જોઈએ છે**

*પેટ્રોલ પંપ પર દેખભાળ રાખવા અને જે તે દિવસની આવકનો હિસાબ સંભાળવા*
*૬૦ વર્ષથી નીચેની વય હોય તેવી વ્યક્તિ.*
*યોગ્ય પગાર ધોરણથી તુરતમાં નિમણૂંક આપવામાં આવશે.*
**મણિનગર – ૨ પોસ્ટ ● સાબરમતી – ૨ પોસ્ટ**
**સંપર્ક : ૯૮૨૫૪ ૦૪૪૦૦**

# મુખ્યમંત્રી 'મા વાત્સલ્ય યોજના'

કચ્છશ્રુતિ ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં જણાવ્યા અનુસાર અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારો કે જેઓની વાર્ષિક આવક રૂા. ૩.૦૦ લાખ સુધીની હોય તેઓને ગુજરાત સરકારશ્રીની "મા વાત્સલ્ય યોજના"નો લાભ મળી શકે છે. જે પરિવારોને "મા વાત્સલ્ય યોજના"ના કાર્ડ કઢાવવાના હોય તે પરિવારને આ કાર્ડ કઢાવી આપવાની જવાબદારી શ્રી કચ્છી સમાજ - અમદાવાદે સ્વીકારેલ છે. તે અંગે જરૂરી ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસેથી મેળવી જે - તે પરિવારે ભરી આપવાના રહેશે.

**યોજનાના ફાયદા :**

- ગુજરાત સરકારની આ યોજના હેઠળ ગંભીર પ્રકારની બીમારીઓ માટે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂપિયા ત્રણ લાખ સુધીની કેશલેસ સારવાર શહેરની નામાંકિત તથા સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે કે જેના માટે પરિવારે એક પણ રૂપિયો ભરવાનો થતો નથી. એક કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ (પતિ-પત્ની તથા ત્રણ કુટુંબીજનો)ને આ લાભ મળવાપાત્ર છે. નવજાત શિશુને છઠ્ઠા સભ્ય તરીકે આ યોજનામાં ત્રણ વર્ષની ઉંમર સુધી લાભ મળી શકશે.
- બર્ન્સ (દાઝેલા), હૃદયના ગંભીર રોગો, કિડનીના ગંભીર રોગો, મગજના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓના ગંભીર રોગો, કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી, રેડિયો થેરાપી), ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટ તેમજ કિડની, લીવર અને પેન્ક્રિયાસના ટ્રાન્સપ્લાન્ટ જેવી બીમારીઓની કુલ ૬૨૮ પ્રકારની સારવાર વિના મૂલ્યે કરાવી શકાશે. લાભાર્થીને હોસ્પિટલ જવા - આવવાના ખર્ચ પેટે, દરેક વિઝિટ વખતે હોસ્પિટલ દ્વારા રૂા. ૩૦૦/- આપવામાં આવશે.
- 'મા વાત્સલ્ય યોજના' હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને કિડની + પેન્ક્રિયાસ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવાર માટે રૂપિયા પાંચ લાખ સુધીનો લાભ મળવાપાત્ર છે. તેમજ ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટની સારવાર અંતર્ગત પ્રતિ ઘુંટણ અને થાપા માટે રૂપિયા ચાલીસ હજારની સારવાર મળવાપાત્ર છે. વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહે છે. બીજા ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટ માટે મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ લાભ મળવાપાત્ર છે.
- આ બધી સારવાર સિવિલ, વી.એસ., એલ.જી. જેવી સરકારી કે મ્યુનિસિપલ હોસ્પિટની સાથે સાથે પ્રાઈવેટ સેક્ટરની કે ટ્રસ્ટ સંચાલિત એચ.સી.જી., પારેખ્સ, નારાયણ હૃદયાલય, આરના, બોડીલાઈન, ક્રિષ્ના, શેલ્બી, રાજસ્થાન જેવી ઘણી બધી હોસ્પિટલોમાં કેશલેસ પ્રક્રિયાથી મળી શકે છે. સમયે સમયે હોસ્પિટલોમાં વધારો - ઘટાડો થવાની શક્યતા પણ રહે છે.
- આ કાર્ડ દર ત્રણ વર્ષે રિન્યુ કરાવવાના હોય છે.

**આ યોજનાના નીતિ નિયમો નીચે મુજબ છે :**

- જે પરિવારની વાર્ષિક આવક રૂા. ૩.૦૦ લાખ સુધીની હોય તેઓને આ યોજનાના કાર્ડ પ્રાપ્ત થઈ શકશે.
- આ યોજના મુજબ પરિવારમાં વધુમાં વધુ ૫ વ્યક્તિઓ (પતિ, પત્ની તથા ત્રણ કુટુંબીજનોનો) સમાવેશ કરી શકાશે.
- આ યોજનાનું કાર્ડ મેળવવા નીચેની વસ્તુઓની જરૂરિયાત રહેશે : (૧) સંપૂર્ણ ભરેલ ફોર્મ, (૨) આવકનો દાખલો, (૩) રેશન કાર્ડ, (૪) રેશન કાર્ડમાં જેટલી વ્યક્તિનો સમાવેશ હોય તે દરેકના આધાર કાર્ડ.

**અન્ય વિગતો :**

- યોજનાના ફોર્મ સમાજ પરથી મળી શકશે.
- ઉપરોક્ત ૪ વિગત મળે સમાજ તે વ્યક્તિના 'મા વાત્સલ્ય કાર્ડ' કઢાવી આપવા યોગ્ય કાર્યવાહી કરશે.
- 'મા વાત્સલ્ય કાર્ડ' કઢાવવા એક પરિવારના કાર્ડ માટે અંદાજિત રૂા. ૧૫૦/-ની આસપાસનો ખર્ચ થવાની શક્યતા રહે છે. કે જે ફોર્મની સાથે સમાજમાં સેવા ભાવનાથી કામ કરતી એજન્સીને આપવાના રહેશે.
- જરૂરિયાત અનુસાર 'આવકનો દાખલો' તથા 'રેશનકાર્ડ' કઢાવવામાં પણ સહાયભુત રહેવા આ સમાજ કોશિશ કરશે.

ઉપરોક્ત યોજનાનો લાભ લેવા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને અપીલ કરવામાં આવે છે.

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

# કચ્છશ્રુતિ સૌજન્ય યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છશ્રુતિ માટે એક "સૌજન્ય યોજના" દાખલ કરવામાં આવેલ છે. આ યોજનાનો હેતુ કચ્છશ્રુતિને વધુને વધુ સમૃદ્ધ બનાવવાનો રહેલ છે.

આ યોજનાનો લાભ લેનાર વ્યક્તિએ એક મહિનાના અંકના સૌજન્યનો સ્વીકાર કરવાનો રહે છે.

જે તે મહિનાના સૌજન્યનો લાભ લેનાર વ્યક્તિ / પેઢી / સંસ્થાના નામની કવર પેઈજ-૧ પર ૧"ની શુભેચ્છા પટ્ટી મૂકવામાં આવશે.

દા.ત.

● આ અંકનું સૌજન્ય ●

**ABC તરફથી સાંપડેલ છે.**

તદુપરાંત અંદરના સફેદ પાના પર એક ફૂલ પેઈજ જે-તે લાભ લેનાર વ્યક્તિને આપવામાં આવશે કે જેમાં તેઓ ઈચ્છે તે વિગત / સમાચાર / જાહેરાત છપાવી શકશે.

એક મહિનાના સૌજન્યનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

અમને જણાવતા આનંદ થાય છે કે અત્યાર સુધી નીચે મુજબના મહાનુભાવોએ આ સૌજન્ય યોજનાનો સ્વીકાર કરેલ છે.

| | | |
|---|---|---|
| *૧.* | *શ્રી કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી* | *લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શન કું. - અમદાવાદ* |
| *૨.* | *શ્રી કૌશિકભાઈ નાનુભાઈ મજીઠિયા* | *ઉર્મિન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ* |
| *૩.* | *શ્રી હસમુખભાઈ ગઢેચા* | *અંજલિ જ્વેલર્સ ગ્રુપ - અમદાવાદ* |
| *૪.* | *શ્રી કીર્તિભાઈ મણિલાલ બારૂ* | *કતીરા કન્સ્ટ્રક્શન કું. - અમદાવાદ/ભુજ* |
| *૫.* | *શ્રી દક્ષેસભાઈ નવીનચંદ્ર સંઘવી* | *કિરીટ કન્સ્ટ્રક્શન કું. - અમદાવાદ/ગાંધીધામ* |
| *૬.* | *શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ* | *વિ-ટ્રાન્સ ઈન્ડિયા પ્રા.લિ. - અમદાવાદ/મુંબઈ* |
| *૭.* | *શ્રી નાનાલાલ વીરજી પટેલ* | *મે. વી. કે. પટેલ એન્ડ કું - અમદાવાદ/ભુજ* |
| *૮.* | *શ્રી જયેશભાઈ રાજદે* | *લા-જીએરા - અમદાવાદ* |
| *૯.* | *શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર* | *જે.આર.જે. ફુડ્સ પ્રા.લિ. - અમદાવાદ/છત્રાલ* |

તદુપરાંત અન્ય કેટલાક મહાનુભાવોનો સંપર્ક સાધવામાં આવી રહેલ છે કે જેના જવાબો આવવાના બાકી છે.

આપશ્રી પણ આ સૌજન્ય યોજનામાં જોડાઈ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને દરેક રીતે વધુમાં વધુ સમૃધ્ધ બનાવવાની યોજનામાં સહભાગી બનો તેવી અમારી હાર્દિક અપીલ છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## ભારતમાં હોસ્પિટલોની સુવિધા

એક અંદાજ પ્રમાણે ૧.૩૫ કરોડથી વધુ વસતિ ધરાવતા ભારતમાં નાની-મોટી ૭૦,૦૦૦ હોસ્પિટલો છે. તેમાંયે ૬૦ ટકા એટલે કે અંદાજિત ૪૨,૦૦૦ હોસ્પિટલો તો એવી છે જેમાં ૩૦થી ઓછા બેડ છે. માત્ર ૩૦૦૦ હોસ્પિટલો એવી છે કે જેમાં ૧૦૦થી વધુ બેડ છે. દેશમાં કુલ ૪૭૦ મેડિકલ કૉલેજ છે. જેમાં ૫૦ ટકા સરકારી અને એટલી જ ખાનગી કૉલેજો છે. છતાં બહુ વ્યાપક અને ઉદાર અંદાજ લગાવીએ તો અને ભારતની મિનિમમ વસતિ ૧૨૫ કરોડની માનીને ચાલીએ તો ૬૨૫ નાગરિકો વચ્ચે એક બેડની સુવિધા છે એમ કહેવાય કે જે જરૂરિયાત કરતા ઘણી જ ઓછી છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શનિવાર, તા. ૨૫-૮-૨૦૧૮ના રોજ સમાજના કાર્યાલય ખાતે મળેલ હતી કે જ્યારે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના વિવિધ ઘટક સમાજોની ટીમ વચ્ચે આવતા દિવસોમાં (ડિસેમ્બર-૨૦૧૮ અને જાન્યુઆરી-૨૦૧૯ની વચ્ચે) ક્રિકેટ હરીફાઈ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.

તે અંગે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી કે જેમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| *શ્રી ભરતભાઈ ઓઝા* | *કન્વીનર* | *મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩* |
| *શ્રી હિમાંશુભાઈ ઠક્કર* | *સભ્ય* | *મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪* |
| *શ્રી અમિતભાઈ સુરાણી* | *સભ્ય* | *મો. ૯૮૨૪૪ ૭૯૯૨૩* |
| *શ્રી દીપકભાઈ ચૌહાણ* | *સભ્ય* | *મો. ૮૮૪૯૪ ૧૪૯૨૭* |
| *શ્રી જેન્તીભાઈ લાકડાવાલા* | *સભ્ય* | *મો. ૯૩૨૭૦ ૮૧૫૬૫* |
| *શ્રી અતુલભાઈ સોની* | *સભ્ય* | *મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦* |

અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજની ક્રિકેટ ટીમોને ઉપરોક્ત સમિતિના સભ્યોનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## દુનિયામાં તબીબી ક્ષેત્રની શોધો

૧૯૨૧માં ડાયાબિટીસના દર્દીઓ માટે ઈન્સ્યુલીન વિકસાવાયું.

૧૯૪૩માં કિડનીની બીમારી માટે ડાયાલિસિસ મશીન બન્યું.

૧૯૫૨માં પોલિયોની રસી શોધાઈ.

૧૯૫૬માં ગર્ભ નિરોધક ગોળી બની.

૧૯૭૮માં પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબીનો જન્મ કરાવાયો.

*આ ઉપરાંત.....* ★ તબીબી વિજ્ઞાને શીતળાના રોગ પર વિજય મેળવ્યો. ★ ક્ષયને કાબૂમાં લીધો. ★ ડૉ. એરહોર્ડે હૃદયનું પ્રત્યાર્પણ કર્યું. ★ કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યું.

ઉપરોક્ત બધી શોધોમાં ભારત ક્યાંયે આવતું નથી. બધા જ પ્રકારની શોધો પશ્ચિમના દેશોએ કરી.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *સંચાલિત* ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

બહેનશ્રી **તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ** તરફથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરીને વિવિધ વિષયોના ૪૦ જેટલા પુસ્તકો ભેટ મળેલ છે.

બહેનશ્રી તરુબેન પરિવારનો ખૂબ ખૂબ આભાર.

આ લાઈબ્રેરીમાં વિવિધ વિભાગોના વાંચવાલાયક અનેક પુસ્તકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

તેનો લાભ લેવા દરેક પરિવારને અપીલ કરવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**





**For Enquiry:**

**Head Office:**
KCL House, First Floor, C-Wing,
RTO Relocation Site, Bhuj - Kutch.
Mo. 98252 06982 | 97243 95039

**Corporate Office:**
302, Naindhara Complex,
Near Hotel Grand Bhagwati,
S.G.Road, Ahmedabad. 380 015
Mo. 98249 66755 | 97271 18898

KATIRA CUBE
TRANSPLAZA PVT. LTD.


Hallmark of Trust & Quality
ANJALEE
JEWELLERS
ANJALEE JEWELLERS
Opp. Lal Bunglow, C.G. Road, Ahmedabad. Ph: 26564791

વર્ષ-૩૨ ● અંક - ૩
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

### વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- કચ્છમાં દુષ્કાળજન્ય પરિસ્થિતિ ........ **અશોક મહેતા**....૧૩

**વ્યક્તિ વિશેષ**
- ભૂકંપ અને દુષ્કાળના સમયે કચ્છની વહારે : ભારતના વડાપ્રધાનશ્રીઓ અટલજીની કામગીરી અદ્‌ભુત.. ........ **કીર્તિ ખત્રી, પૂર્વ તંત્રીશ્રી 'કચ્છમિત્ર'**....૧૫
- ધ્રુવ તારો.. ........ **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'**....૧૬

**કચ્છ**
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૩) ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૭
- પ્રો. એચ. સી. ધોળકિયા : શબ્દાંજલિ........ ....૨૧
- રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા કનકભાઈ અનંતાણીના નિધનથી શોક........ ....૨૧

**ઇતિહાસ**
- હિટલરની ચડતી અને પડતી.. ........ **યશવંત મહેતા**....૨૩

**સ્વાસ્થ્ય**
- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪મે – (૫) : સારવાર (૨) ... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**પ્રજાતંત્ર**
- ભ્રષ્ટાચાર અંગે મુખ્યમંત્રીની ચીમકી ........ **શશીકાંત ઠક્કર, એડવોકેટ**...૨૭

**વાર્તા**
- ફાધર્સ-ડે ની ગિફ્ટ – (૧) ........ **બલવીરસિંહ જાડેજા**....૨૯

**જબાન**
- શબ્દશોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૩) ........ **તુલસી કંસારા**.....૩૧

**માહિતી**
- કમાલના છે આ દુનિયાના દેશ! ........ **નજમા વાય. ગોલીબાર**.....૩૩
- ફેમિલી કાઉન્સેલિરની શા માટે જરૂર છે? ........ .....૩૩

**રંગ તરંગ**
- ચાલો, હળવા થઈ હસી નાખીએ! ....... **ચિત્રસેન શાહ, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)**.....૩૪

**વિવિધતા**
- પ્રતિભાવ ........ ૩૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ....૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૬ ........ **પ્રદીપ જોષી - આદિપુર**...૩૮
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : મેરા નામ જોકર - તંબોલા ગેમ ...... **ભાવના એ. ઝવેરી**....૩૯

**મેઘ ધનુષ**
- આ શું કર્યું મેં?, ઉદરાગ્નિ : **'આરસી' શાહ** ● તેરે તનમેં રામ.. મનમેં રામ : **ચંદ્રવદન જી. મહેતા**....૪૦
- માણસ : **મુરજી ચાવડા 'પ્રેમ'** ● ત્રિપદી : **રજનીકાંત ઓઝા** ● વાત કર! : **રમેશચંદ્ર જી. વૈદ્ય**....૪૦

### વિભાગ-૨

- પરિવાર સમાચાર ........ ૪૧
- સમાજ સમાચાર ........ ૪૧
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૪૨


MICHI'S®
Candies & Toffees
क्लासी भी ज्युसी भी
नींबू सा नटखट
Nimbupani Candy
MICHI'S
Slicy™
Maha Masti
₹1/- PER PIECE
आॅरेन्ज सा मस्त-मस्त
Orange Masala Candy
CONTAINS NO FRUIT JUICE • SUGAR BOILED CONFECTIONERY
नींबूपानी केन्डी
आॅरेन्ज मसाला केन्डी
MichisTreats
JRJ®
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

તંત્રીલેખ

# કચ્છમાં દુષ્કાળજન્ય પરિસ્થિતિ



અશોક મહેતા

*આ લેખ તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ લખવામાં આવી રહેલ છે ત્યારે લગભગ પોણા ભાગનું ચોમાસું પસાર થઈ ગયેલ છે. કચ્છના નખત્રાણા, અબડાસા, લખપત તાલુકામાં અત્યાર સુધી બેથી ચાર ઈંચ વરસાદ પડેલ છે. કચ્છના બાકીના તાલુકાઓમાં ચારથી છ ઈંચ વરસાદ પડેલ છે. ચોમાસાના બાકીના દિવસોમાં કંઈ આસમાની સુલતાની ના થાય તો નિર્વિવાદપણે કચ્છ દુષ્કાળ તરફ ધકેલાઈ રહેલ છે. એક તરફ રક્ષાબંધન, જન્માષ્ટમી, પર્યુષણ પર્વ, ગણેશ ચતુર્થી જેવા ઉત્સવોનો માહોલ છે જ્યારે અન્ય તરફ નખત્રાણા, અબડાસા, લખપત વિભાગના જાહેર કાર્યકરો અને સમાજસેવકો પોતાના વિભાગના પશુધનને બચાવવા જરૂરી ઘાસચારો પ્રાપ્ત કરવા દોડધામ કરી રહેલ છે. આ પરિસ્થિતિ આવતા દિવસોમાં કદાચ સમગ્ર કચ્છની રહેવા પામશે.*

*સદીઓથી કચ્છ અવારનવાર દુષ્કાળનો સામનો કરી રહેલ છે. કહેવાય છે કે ૧૦ વર્ષમાંથી ૭ વર્ષ તો કચ્છમાં દુષ્કાળના જાય છે. અગાઉના વર્ષોમાં આ પરિસ્થિતિને હલ કરવાની કોઈ ક્ષમતા ન હોતાં, અહીંની પ્રજા આ દિવસોમાં ખૂબ જ તકલીફમાં મૂકાઈ જતી હતી. એ સમયે આ પરિસ્થિતિને હલ કરવા કોઈ ઈલાજ ન હતો. પરંતુ આજની પરિસ્થિતિમાં જ્યારે ઈલાજ હાથવગા છે ત્યારે કચ્છના જાહેર કાર્યકરો અને સમાજસેવકો કાં તો પાર્ટીશિસ્તના કારણે કચ્છની પ્રજાના હિતની અવગણના કરી રહ્યા છે અથવા પ્રશ્ન પ્રત્યે નાસમજ અને અસહ્ય બેદરકારી દાખવી પોતાના અને કચ્છના સમયની બરબાદી કરી રહ્યા છે. પ્રજાના સેવક તરીકે નિર્વિવાદપણે તેઓ ઊણા ઉતરેલ છે.*

*કચ્છને નર્મદા નદીના નિયમિત પાણીમાંથી અડધો એમ.એ.એફ. પાણી ૧૯૭૯ પછીના દાયકામાં ફાળવવામાં આવ્યા. ૧૯૭૯ પછી ૨૭ વર્ષ સુધી એટલે કે વર્ષ ૨૦૦૬ સુધી કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ ના કરી શકાયા. આ માટે કચ્છના જાહેર સેવકો સિવાય કોને દોષ દઈ શકાય? ત્યારબાદ વર્ષ ૨૦૦૬માં શરૂ થયેલ કચ્છ બ્રાંચ કેનાલના કામો તેના ૧૨ વર્ષ પછી એટલે કે વર્ષ ૨૦૧૮માં પણ પૂર્ણ થઈ શકેલ નથી. શાખા, પ્રશાખા બનાવવાના એટલે કે ખેતર સુધી પાણી પહોંચાડવાના કોઈ આયોજનો જ વિચારવામાં આવેલ નથી.* ***તેના માટે કેટલીક જરૂરી પાણી મંડળીની રચના તો ઠીક પણ તે રચના કરવાના આયોજનો પણ નક્કી કરવામાં આવેલ નથી તેવો જવાબ એક આર.ટી.આઈ. અરજીના અનુસંધાને સરદાર સરોવર નર્મદા નિગમની આદિપુર ઓફિસમાંથી સાંપડેલ છે.*** *દુષ્કાળની પરિસ્થિતિમાં પણ ૧,૧૨,૦૦૦ હેક્ટર એટલે કે ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં નર્મદા નદીના પાણીથી સિંચાઈ થઈ શકે તેવા નિર્ણય ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષો અગાઉ લેવાઈ ગયા પછી પણ કચ્છના રાજકીય આગેવાનોની અને સમાજ સેવકોની ઘોર નિષ્ફળતાના કારણે એ પરિપૂર્ણ થઈ શકેલ ન હોવાથી કચ્છની આમ પ્રજા ખૂબ જ ચીપલાઈ રહેલ છે. હજુ પણ આ આગેવાનશ્રીઓ જ્યાં જરૂર પડે ત્યાં પોતાની વગ વાપરી નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો એટલે કે કચ્છ બ્રાંચ કેનાલ અને તેની શાખા - પ્રશાખાઓને પરિપૂર્ણ કરાવી, જરૂરી ખેડૂત મંડળીઓની રચના કરાવડાવી, ઉપલબ્ધ પાણી કચ્છના ખેતરોમાં વહેવડાવવાની શક્ય બની શકે તેટલી ઝડપે કરાવી આપે તો કચ્છની ખેડૂત પ્રજાને હજુ પણ મહદ્ અંશે લાભકર્તા બની શકે.*

*થોડા દિવસ પહેલા વર્તમાનપત્રોમાં સમાચાર આવેલ હતા કે "સિંધુ નદીના પાણી કચ્છને મળી શકે?" એ વિષયે ભુજમાં એક વાર્તાલાપ યોજવામાં આવેલ હતો. કચ્છની પાણીની કમનસીબી માટે દૂરંદેશી દાખવી આજની પરિસ્થિતિમાં પણ સિંધુ નદીના પાણી કચ્છમાં લાવવાના સ્વપ્ન સેવનારને ધન્યવાદ આપવા ઘટે. તે એક ખૂબ જ*

*અનુમોદનીય કાર્ય છે પરંતુ તે પહેલા પ્રમાણમાં એક ખૂબ જ સહેલું કાર્ય કે જેનાથી કચ્છની દસ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે તેવા નર્મદા નદીના વધારાના પાણીમાંથી કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણી કે જે વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકારશ્રી દ્વારા કચ્છને ફાળવી દેવામાં આવેલ છે અને જેના કાર્યો હજુ સુધી કચ્છમાં જરૂરી બજેટના અભાવે શરૂ થઈ શકેલ નથી, એ કાર્યો સિંધુ નદીના સિંચાઈ માટેના પાણી મેળવવાના પ્રમાણમાં ખૂબ જ સહેલા કાર્ય હોઈ તેની પાછળ લાગી જઈએ તો નજીકના દિવસોમાં જ કચ્છની પ્રજાને મોટી રાહત થઈ શકે. તેના થકી કચ્છની દસ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે. કચ્છ પર આવેલી દુષ્કાળની આફતના દિવસો કચ્છ વધુ સારી રીતે પસાર કરી શકે. સિંધુ નદીના પાણી કચ્છમાં પહોંચાડવા જે મહેનત કરવી પડે તેનાથી ઘણી ઓછી મહેનતે નર્મદા નદીના વધારાના પાણી કચ્છમાં વહાવી શકાય. સહુથી પ્રથમ અને અગ્રતાક્રમની જરૂરિયાત નર્મદા નદીના વધારાના પાણી કચ્છમાં વહેવડાવી તેનાથી કચ્છના અન્ય તાલુકાઓની સાથે સાથે નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં તેમજ બન્નીના ઘાસિયા વિસ્તારમાં ખેતી કરવાના પગલા ભરાય તે અતિ જરૂરી છે.*

*કચ્છની ૮૧ પાંજરાપોળના ૬૫,૦૦૦ ઢોર સહિત કચ્છમાં અંદાજિત ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) ઢોરની ગણના કરવામાં આવે છે. દરરોજના એક ઢોરની ૧૦ કિલો ઘાસની ગણનાએ દૈનિક ૩૦ લાખ કિલો એટલે કે ૭૫,૦૦૦ મણ એટલે કે ૩૦૦ ટ્રક ઘાસ કચ્છને જોઈએ. આ ઘાસ દુષ્કાળના વર્ષોમાં કચ્છ બહારથી લાવવાનું હોવાથી એક ટ્રકમાં ૧૦ ટનના હિસાબે વર્ષભરમાં ૧,૦૯,૫૦૦ ટ્રક ઘાસ જોઈએ કે જે અતિ દુષ્કર અને અતિ મોંઘુ કાર્ય છે.*

*કચ્છની હાલની પિયતવાળી (કૂવાના પાણીથી સિંચાઈ થઈ શકે તેવી) જમીનના ખેડૂતોને મકાઈ, જુવાર, ગાજર કે રંજકો ઉગાડી ઘાસ પેદા કરવા વિગતે સમજાવી શકાય. આ પ્રકારની ખેતીથી બધા જ પ્રકારના ખર્ચ બાદ કરતા ખેડૂતને રૂા. ૧૨૦૦૦/- થી રૂા. ૧૫૦૦૦/-નો નફો એક એકરે આરામથી થઈ શકે. તેમ છતાં આ ખેડૂતોને પ્રોત્સાહન આપવા કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોએ પોતાની ૨ ટકા સી.એસ.આર. રકમમાંથી અગર એક એકરે રૂા. ૨,૦૦૦/-નું પ્રોત્સાહન સબસીડી રૂપે જાહેર કરવામાં આવે તો કચ્છને જોઈતા એક વર્ષના ઘાસની સામે આ રકમ રૂા. ૧૫ કરોડથી વધુ ના થાય કે જે કચ્છના ઉદ્યોગોની વાર્ષિક સી.એસ.આર. રકમ રૂા. ૩૦૦ કરોડની સામે નજીવી ગણી શકાય. કચ્છના રાજકીય પક્ષના કિસાન સેલના અગ્રણીઓ અગર આ કાજે ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના અગ્રણીઓ સાથે કામે લાગી જાય તો કચ્છ જાતે તરીને દુષ્કાળના કારમા ખપ્પરમાંથી બહાર આવી શકે.*

*સમગ્ર રીતે વિચારીએ તો કચ્છમાં પડતા દુષ્કાળને હળવો કરવા નીચે મુજબના પગલા લઈ શકાય :*

- *નર્મદા નદીના નિયમિત પાણીને કચ્છના ખેતરોમાં વહાવવામાં આવે.*
- *નર્મદા નદીના વધારાના પાણીને કચ્છના ખેતરોમાં વહાવવામાં આવે.*
- *કચ્છમાં ઘાસચારો ઉગાડવા કચ્છના ખેડૂતોને આર્થિક રીતે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

## વિચાર કણિકા

### બામ્બૂની ખેતી

જે વિસ્તારમાં ૨૫થી ૩૦ ઈંચ સરેરાશ વરસાદ પડતો હોય ત્યાં બામ્બૂનો પાક સારી રીતે લઈ શકાય છે અને જો બામ્બૂની ખેતીને ઉત્તેજન આપવામાં આવે (કે જેના પ્રત્યે અત્યાર સુધી દુર્લક્ષ સેવવામાં આવેલ છે) તો ખેડૂતો દર સીઝનમાં આ પાકથી જ લાખો રૂપિયા કમાઈ શકે. વળી બામ્બૂના વેચાણના વ્યવસાયમાં કચ્છી પટેલો અગ્રતાક્રમ ધરાવે છે. સાબરકાંઠા, દહેગામ, આણંદ જિલ્લા વગેરે સ્થળે કચ્છી પટેલોના અનેક કંપાઓ આવેલ છે. અગર કચ્છી પટેલો પોતાના કંપામાં બામ્બૂની ખેતી તરફ લક્ષ ઠેરવે તો તેઓની આમદની વધી જવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

વ્યક્તિ વિશેષ

# ભૂકંપ તથા દુષ્કાળના સમયે કચ્છની વહારે ભારતના વડાપ્રધાનશ્રીઓ અટલજીની કામગીરી અદ્‌ભુત

• કીર્તિ ખત્રી •

*સ્વ. અટલબિહારી વાજપેયીજીની ભારતના વડાપ્રધાન તરીકેની કામગીરી કચ્છ માટે ખૂબ જ અદ્વિતીય રહી. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ સમયે સમગ્ર કચ્છ તહસ-નહસ થઈ ગયેલ હતું. આ પરિસ્થિતિમાંથી કચ્છને બહાર લાવી તેને ધમધમતું કરનાર અટલજીના લાગણીમય નિર્ણયોને કચ્છ સદાકાળ યાદ કરશે. આ વિચારને મધ્યમાં રાખી દૈનિક 'કચ્છમિત્ર'માં તેના ભૂતપૂર્વ મુખ્યતંત્રી કીર્તિભાઈ ખત્રીએ જે લેખ લખેલ છે તેને અત્રે અક્ષરસઃ પ્રસ્તુત કરેલ છે. આશા છે કે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને તે યોગ્ય જાણકારી આપી શકશે.*

**– તંત્રી મંડળ**

કચ્છ માટે દુકાળ ધીમું ઝેર છે અને ભૂકંપ તો અચાનક હચમચાવી મૂકતા હૃદયરોગના હુમલા જેવી આફત છે. ભૂકંપ સદીમાં એકાદવાર આવે છે જ્યારે અનિયમિત અને અપૂરતા વરસાદને લીધે દુકાળ કે અર્ધદુકાળ વર્ષનો સામનો તો અવારનવાર કચ્છીમાડુ કરતો જ રહ્યો છે. કચ્છ ૧૯૫૬ અને ૨૦૦૧માં ધરતીના તાંડવનો ભોગ બન્યું. '૫૬નો ધરતીકંપ અંજાર અને એની આજુબાજુના ગામો પૂરતો મર્યાદિત હતો અને કુલ મૃત્યુઆંક ૧૧૫ જેટલો હતો. જ્યારે ૨૦૦૧નો મહાવિનાશક ધરતીકંપ તો નજીકની જ દુર્ઘટના છે. એમાં ૧૨ હજારથી વધુ કચ્છવાસી મરણશરણ થયા હતા. બંને હોનારતો વખતે ભારતના એ સમયના વડાપ્રધાનો પંડિત જવાહરલાલ નેહરુ અને અટલબિહારી વાજપેયી પ્રજાને આશ્વાસન આપવા કચ્છ દોડી આવ્યા હતા. બંનેએ ગામડાંઓમાં પહોંચી લોકોની વચ્ચે બેસી તેમના દુઃખ દર્દ જાણ્યા હતા. તો દુકાળને સંબંધ છે ત્યાં સુધી ૧૯મી સદીમાં દશમાંથી સરારેશ સાત વર્ષ અનિયમિત, અપૂરતા વરસાદ કે દુકાળના હતા એનો ઈતિહાસ જાણીતો છે. '૮૦ના દાયકામાં ખાસ કરીને ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭માં ઉપરાઉપરી ત્રણ દુકાળે હાહાકાર મચાવી દીધો હતો. એમાંયે છેલ્લો ૧૯૮૭નો દુકાળ તો સદીનો સૌથી કાળમુખો દુકાળ હતો. માત્ર કચ્છ કે ગુજરાત નહીં, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આંધ્ર સહિતના રાજ્યોમાં પણ દુકાળ હતો. તેથી મુશ્કેલીઓનો કોઈ પાર રહ્યો નહોતો. ઘાસનો પુરવઠો છેક દક્ષિણ ભારતમાંથી લઈ આવવો પડે એવી સ્થિતિ હતી. વળી કચ્છના પશ્ચિમ વિસ્તારો માટે તો ચોથો દુકાળ હતો. આ સ્થિતિમાં ઉપરા ઉપરી બે વર્ષ ૧૯૮૬ અને ૧૯૮૭માં એ સમયના યુવાન વડાપ્રધાન રાજીવ ગાંધી કચ્છ દોડી આવ્યા હતા. દુકાળ વખતે લોકોના દુઃખ દર્દ જાણવા છેવાડાના ગામડે ભારતના કોઈપણ વડાપ્રધાન પહોંચ્યા હોય એવો આ પ્રથમ પ્રસંગ હતો.

એટલે ભારતના આઝાદી પછીના સાત-સાત દાયકાના ઈતિહાસમાં માત્ર ત્રણ વડાપ્રધાનો કુદરતી આફતો વચ્ચે કચ્છ આવ્યા હતા. તેમની આ મુલાકાતોથી અસરગ્રસ્ત વિસ્તારને કેટલો ફાયદો થયો એની વિગતો જોઈએ છીએ તો દેખીતી રીતે જ અટલબિહારી વાજપેયીને લીધે કચ્છને વિશેષ લાભ થયો છે એનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. પણ એક મહાવિનાશક હોનારતને લીધે કવિહૃદયી વડાપ્રધાનના હૃદયમાં કચ્છ પ્રત્યે ઊભી થયેલી સહાનુભૂતિની લાગણીનો પૂરેપૂરો લાભ કચ્છ ન લઈ શક્યું એ પણ એક હકીકત છે.

અંજારનો ધરતીકંપ તા. ૨૧-૭-૧૯૫૬ના રોજ આવ્યો હતો. વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પોતાના વિદેશ પ્રવાસને લીધે તાબડતોબ કચ્છ આવી શક્યા નહોતા. પણ ૧૯મી ઓગસ્ટે આવ્યા અને પોતાની આગવી શૈલી સાથેનો પ્રવાસ ખેડ્યો. લોકોની વચ્ચે જઈને બેઠા, વાતો કરી અને આશ્વાસનો આપ્યા. પણ, મૂળ વાત એ છે કે બંને ભૂકંપની તીવ્રતા અને વ્યાપ વચ્ચે મોટો ફરક હોવાથી એના પ્રભાવની અને સામનાની તુલના કરવી ઉચિત નહીં ગણાય. આ સંજોગોમાં ૨૦૦૧માં અટલજીએ કચ્છના નવસર્જનમાં અને એની કાયાપલટમાં ભજવેલી ભૂમિકા આપણે યાદ કરવી રહી. તાજેતરમાં તેમણે ચિરવિદાય લીધી હોવાથી તેમનું સ્મરણ પ્રસંગોચિત બની રહેશે.

આમ તો અટલજીનો કચ્છ સંબંધ ૧૯૬૮ના કચ્છ સત્યાગ્રહથી વિરોધ

પક્ષના નેતાની રૂએ બંધાયો હતો અને ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ વખતે વડાપ્રધાનના શિખર સ્થાને હતા ત્યારે એ સંબંધ સહાનુભૂતિની અપાર લાગણીમાં પલટાઈ ગયો હતો. કેન્દ્રમાં ભાજપના નેજા હેઠળની મોરચા સરકાર અને ગુજરાતમાં પણ ભાજપની સરકાર. રાજ્યે માંગી તે તમામ મદદ કેન્દ્રે આપી. તેથી કચ્છમાં નવસર્જનનો અનેરો ઈતિહાસ સર્જાયો. વિશ્વભરમાં તેની ભરપેટ પ્રશંસા પણ થઈ. નવા આવનાર ઉદ્યોગો માટે ટેક્સ હોલીડે અને ધ્વંસ સિવિલ હોસ્પિટલના સ્થાને ૧૩૦ કરોડના ખર્ચે બંધાયેલી અદ્યતન ડિઝાઈન સાથેની ભૂકંપપ્રુફ ઈમારત અટલજીની યાદગાર ભેટના રૂપમાં ઉપસી આવ્યા. ટેક્સ હોલીડેનો લાભ કચ્છ માટે આશિર્વાદ પુરવાર થયો. નવા નવા ઉદ્યોગો આકર્ષાયા અને કચ્છનું આર્થિક પાસું સબળું બનવા લાગ્યું. તો નવી હોસ્પિટલની સાથે સાથે મેડિકલ કૉલેજ પણ શરૂ કરીને કચ્છને સીમાચિહ્નરૂપ આરોગ્ય સેવા પૂરી પાડવાની નેમ પણ કેન્દ્ર સરકારે રાખેલી. આ માટે કેન્દ્ર સરકારની ઈચ્છા, હોસ્પિટલ તેમજ કૉલેજનું સંચાલન દિલ્હી સ્થિત સંસ્થા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)ને સુપ્રત કરવાની હતી. પણ ૨૦૦૪ના પહેલા મહિનામાં હોસ્પિટલનું લોકાર્પણ થાય એ પહેલાં જ એવા અહેવાલ પ્રસિદ્ધ થયા કે ગુજરાત સરકાર એઈમ્સની હોસ્પિટલ ભુજમાં નહીં પરંતુ પાટણમાં ઊભી થાય એમ ઈચ્છે છે. પરિણામે વિવાદ ઊભો થયો. ગુજરાત સરકારે એઈમ્સવાળી કેન્દ્રની દરખાસ્ત નકારી કાઢી. કોંગ્રેસના ધારાસભ્યો જ નહીં, ખુદ ભાજપના પ્રતિનિધિઓમાંથી પણ બેમત પ્રદર્શિત થયા. આ ઘટનામાં સીધી સાદી અને સમજી શકાય એવી વાત એ હતી કે ૨૦૦૧માં હોસ્પિટલની પાયાવિધિ થઇ ત્યારે આરોગ્ય પ્રધાનપદ કચ્છી પ્રતિનિધિ સુરેશભાઈ મહેતા પાસે હતું અને તેમણે જ આ પ્રોજેક્ટમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો અને વાજપેયીજી સાથે વખતો વખત બેઠકો કરી હતી. પણ ૨૦૦૨ની ચૂંટણીમાં સુરેશભાઈ હારી ગયા. તે પછી આરોગ્ય ખાતું તો ઠીક પ્રધાનમંડળ સુદ્ધાંમાં કચ્છને સ્થાન અપાયું નહીં. તેથી એઈમ્સ માટે કચ્છ તરફથી આગ્રહ ભાગ્યે જ કોઈએ કર્યો. ટૂંકમાં સાર એ કે કચ્છને 'એઈમ્સ'ની ઉત્તમ સેવાઓ આપવાનો અટલજીએ મોં સુધી પહોંચાડેલો કોળિયો ગુજરાત સરકારના વલણથી છીનવાઈ ગયો. પછી બન્યું એવું કે કેન્દ્રમાં સત્તાપલટો થયો અને દેશના બધા રાજ્યોમાં 'એઈમ્સ'ની સેવાઓ આપવાની યોજનાનો છેદ જ યુ.પી.એ. સરકારે ઉડાડી દીધો. તેથી 'એઈમ્સ' હોસ્પિટલ ન કચ્છને મળી, ન પાટણને. બાવાના બેય બગડ્યા.

વાજપેયી સરકારના સમયમાં જ ભારત - પાક વચ્ચેના પરંપરાગત માર્ગો-સંપર્ક પુનઃ શરૂ કરવાના પ્રયાસો થયા. તેમાં પણ ગુજરાત સરકારે (કેશુભાઈ પટેલની) કચ્છ - સિંધ વચ્ચે ભૂમિમાર્ગે અવરજવર શરૂ કરવામાં રસ લીધો નહીં. એટલું જ નહીં, નકારાત્મક ભૂમિકા ભજવી. એટલે ટૂંકમાં કહીએ તો ભારતના ઈતિહાસના એક અનોખા રાજપુરુષ અટલબિહારી વાજપેયીની કચ્છ પ્રત્યેની લાગણી (એઈમ્સ સંચાલન) અને પાડોશી સાથેના સંબંધો વિકસાવવાની દૃષ્ટિ (કચ્છ-સિંધ જમીનમાર્ગ)નો પૂરેપૂરો લાભ આપણે લઈ શક્યા નહીં.

હવે રાજીવ ગાંધીની વાત. દુકાળ વખતે તેમણે બે વાર કચ્છની મુલાકાત લીધી તેનો સીધો લાભ એ સમયે વહીવટી પગલાંના ઝડપી અમલીકરણમાં દેખાયો હતો. ઉપરાંત સરહદી ગામોની મહિલાઓને હસ્તકલાના માધ્યમથી રાહતકામ - રોજી પૂરી પાડવાનુંયે પહેલીવાર બન્યું હતું. જો કે, રાજીવને સંબંધ છે ત્યાં સુધી કચ્છને સરહદી વિસ્તારનો દરજ્જો મળ્યો એ વધુ નોંધનીય હતું. સીમા વિસ્તાર વિકાસ યોજના હેઠળ કચ્છના અનેક બજેટેડ કામો એવા થયા જેની સો ટકા ગ્રાંટ કેન્દ્ર સરકારે આપી હતી. ઊડીને આંખે વળગે તેવું કામ શિક્ષણ ક્ષેત્રે થયું. માધ્યમિક શાળાઓ શરૂ કરવાના નિયમો - બંધનો બાજુએ મૂકીને પાંચ વર્ષમાં કચ્છમાં ૩૫ સરકારી માધ્યમિક શાળાઓ છેવાડાના સરહદી વિસ્તારોમાં શરૂ થઈ. ભુજમાં પોલીટેકનિક, પાનધ્રોમાં આઈ.ટી.આઈ. શરૂ થયા. ખાસ તો પોલીટેકનિકમાં માત્ર અને માત્ર સરહદી જિલ્લાના વિદ્યાર્થીઓને (કચ્છ - બનાસકાંઠા) પ્રવેશની જોગવાઈ. આ એક એવી ઘટના હતી કે જેને પગલે કચ્છી પ્રજાને પ્રથમવાર 'સરહદી' દરજ્જો કે વિશેષાધિકાર મળ્યો હતો. અફસોસ કે સરહદી વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકોની આ જોગવાઈ હવે રદ થઈ ચૂકી છે.

*"કચ્છમિત્ર"ના સૌજન્યથી*

## ધ્રુવતારો

ઓગસ્ટની સોળમીના દેશનો સીતારો ખર્યો,
અટલનો દેહ ન રહ્યો, આંસુઓમાં દેશ સર્યો.

રાષ્ટ્ર આખો શોકમાં ને જન-જન શોકમાં,
જાણે રાજનીતિનો આ એક ધ્રુવતારો ખર્યો.

નિર્ભયને નીડર અજાતશત્રુ કવિ આત્મા,
જન-જન માનસને એણે એક-મેક કર્યો.

ભારતે ગુમાવ્યું આ અમૂલ્ય રતનને ને
અટલ અમર થઇ વીરતાને જઈ વર્યો.

શાંતિ આપે પરમાત્મા સુખી રહે એનો આત્મા
અનંત વાટેથી 'પ્રભુ' કોઈ નથી પાછો ફર્યો.

*પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ' - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

પ્રાસંગિક

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૩)



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

(ગતાંકથી ચાલુ)

ભુજની શ્રી રામજી રવજી લાલન કૉલેજમાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ તથા અભ્યાસ કરાવી ચૂકેલા પ્રોફેસરો, વહીવટી ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, કર્મચારી ગણ આદિ સૌને આ સંસ્થાના સંસ્મરણો આજે પણ તાજા છે. માત્ર એક જ વ્યક્તિ પોતાના કૉલેજના અનુભવો લખે, તો મહાગ્રંથો થવા પામે.

૬૫ વર્ષના વહાણા વહ્યા. કૉલેજની સિલ્વર જ્યુબિલી ઇ.સ. ૧૯૭૮-૭૯ દરમ્યાન દબદબાભેર ઉજવાઈ ત્યારે હું સ્ટુડન્ટ યુનિયનના ચેરમેનપદે હતો. પ્રા.ડૉ. શ્રી જે.એન. શુક્લ પ્રિન્સિપાલ હતા. એ સમયે ભાગ્યે જ ખ્યાલ હતો કે કૉલેજની ગોલ્ડન જ્યુબિલી કે ષષ્ઠીપૂર્તિ નહિં ઉજવી શકાય. વિ.પ્ર. સભામાં જી.એસ. તરીકે શ્રી બહાદુરસિંહ જાડેજા તથા એલ.આર. કુ. મયુરીકાબા જાડેજા હતા.



*કૉલેજની સિલ્વર જ્યુબિલી સંબંધી કાર્યક્રમના અવસરે (ડાબેથી) એલ.આર. મયુરીકાબા જાડેજા, જી.એસ. બહાદુરસિંહ જાડેજા, વિદ્યાર્થી યુનિયનના ચેરમેન પ્રા. સૂર્યકાંત ભટ્ટ, પ્રિન્સિપાલ જે.એન. શુક્લ તથા ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ શ્રી વડોદરિયા સાહેબ (ઇ.સ. ૧૯૭૮-૧૯૭૯)*

વર્ષભર કાર્યક્રમો માટે અમે એક નાગરિક સમિતિની રચના કરી હતી. આ વર્ષ દરમ્યાન લેડિઝ - જેન્ટ્સની ભુજ લાલન કૉલેજથી સુખપર સુધીની સાઇકલ રેસ, ઇન્ડોર ગેઇમ્સ સ્પર્ધા, ક્લાસવાઇઝ ક્રિકેટ સ્પર્ધા, વૈજ્ઞાનિક પ્રદર્શન, ફોટોગ્રાફિક પ્રદર્શન, અંબોડા હરીફાઈ, મહેંદી હરીફાઈ, એકાંકી સ્પર્ધા, હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા, સમૂહગીત સ્પર્ધા, એકપાત્રિય અભિનય સ્પર્ધા, ૧૦૦-૨૦૦-૪૦૦ મીટર દોડ સ્પર્ધા, ખોખો સ્પર્ધા આદિ સ્પર્ધાઓના આયોજનો હાથ ધરાતા હતા.

ગુજરાત યુનિવર્સિટી આયોજિત આંતર કૉલેજ સ્પર્ધાઓમાં પણ વિશેષપણે ભાગ લેવાનું નક્કી કર્યું હતું. સિલ્વર જ્યુબિલી પ્રસંગે પ્રાઇઝ ડિસ્ટ્રિબ્યુશન ફંકશનમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના ગવર્નર શ્રીમતી શારદા મુખરજીને નિમંત્રેલા અને તેઓશ્રી ઉમંગભેર પધાર્યા હતા. એ સમયે કચ્છના કલેક્ટર શ્રી એલ.એમ. સુદ હતા. પ્રિન્સિપાલ તરીકે શ્રી મદનકુમાર એ. જાની હતા. એ સમયની કેટલીક તસવીરો આ સાથે છે.



*કચ્છ કલેક્ટર શ્રી એલ. એમ. સુદનું સ્વાગત કરી રહ્યા છે... એલ. આર. અનુપમા ઠક્કર (ડાબી તરફ)*

સિલ્વર જ્યુબિલી સમયે યુનિયનનું ઉદ્‌ઘાટન કચ્છના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ શ્રી થોરીઆ સાહેબે કરેલું.

એક ચમત્કારિક ઘટના વર્ણવું છું. દક્ષિણ ગુજરાતમાં પૂર આવ્યું - અનેક શહેરો તથા ગામડામાં ભયંકર હોનારત સર્જાઈ.

વિ.પ્ર. સભાએ કોઈપણ કાર્યક્રમ વર્ષ દરમ્યાન ન યોજવા અને તેની રકમ પૂર રાહતમાં આપવા ઠરાવ્યું. સામે કચ્છમાં દુષ્કાળ હતો. કેટલાક જાગૃત વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો કે આ રકમ કચ્છ દુષ્કાળમાં ખર્ચાવી જોઈએ.

આ ચેક ગુજરાતના ગવર્નર શ્રીમન્નારાયમણને અર્પવા તેમને નિમંત્રેલા. વિરોધ વધવા લાગ્યો. પ્રિન્સિપાલ શ્રી જે.એન. શુક્લ હતા, જી.એસ. શ્રી વાસુદેવ ઠક્કર હતા. યુનિયન ચેરમેન પ્રા. આર.કે. ગુપ્તા હતા. આ પ્રશ્ન ઉકેલવા માટે સંતનું માર્ગદર્શન મેળવવા અમો સૌ પૂજ્ય ધ્યાની સ્વામીજી પાસે ગયા. સ્વામીશ્રીએ કહ્યું કે હું ભગવાનને પ્રાર્થના કરું છું. ગવર્નર કચ્છના દુષ્કાળ પીડિતો માટે ચેક પાછો આપી દેશે. અત્યારે જે વિદ્યાર્થીઓ વિરોધ કરે છે તેમને આ વાત જણાવીને સમજાવવાની કોશિશ કરો. તે પ્રમાણે કરતાં વિરોધ કરનાર વિદ્યાર્થીઓ માન્યા.

જ્યારે જી.એસ. શ્રી વાસુદેવ ઠક્કરે ગવર્નરશ્રીને ચેક આપ્યો ત્યારે શ્રીમન્નારાયણ સાહેબે તરત જ માઇક પોતાની પાસે મંગાવી બોલ્યા, "યહાં કચ્છમેં તો અકાલ હૈ. અકાલમેં ઇસ રકમ લગાઇયે. મૈં એન્ડોર્સમેન્ટ કરકે ચેક વાપસ કર રહા હું." સર્વત્ર ખુશી છવાઈ ગઈ. સ્વામીજી વચનસિધ્ધ હતા.

ઈ.સ. ૧૯૬૮-૬૯માં લાલન કૉલેજના પ્રિન્સિપાલ શ્રી આઈ.જે. ધ્રુવ હતા. તે સમયે યુનિવર્સિટીનો આંતર કૉલેજ મહોત્સવ પાલનપુરમાં હતો. ત્યારે આ લેખના લેખકે વિનમ્રતાથી સ્વામીજીને પાલનપુર સ્પર્ધાની વાત કરીને આજ્ઞા તથા આશિર્વાદ માગ્યા હતા. સ્વામીશ્રી વદ્યા, 'તમારા વિદ્યાર્થીઓ બધી જ હરીફાઈમાં સૌથી આગળ આવે અને બધા ચાંદ (મેડલ) જીતી લાવે તેવી હું ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું." પરિણામે એકાંકી, એક પાત્રિય અભિનય, રાસ, સમૂહ ગીત, વક્તૃત્વ સ્પર્ધા તમામમાં અમારા વિદ્યાર્થી ભાઈ-બહેનો પ્રથમ રહ્યા હતા અને તે સ્પર્ધાઓના તમામ શિલ્ડ કૉલેજના કલાકારોને મળ્યા હતા. જે ખૂબ અસાધારણ અને આનંદની વાત હતી.

ડૉ. બિપીનભાઈ ઝવેરી કૉલેજના પ્રિન્સિપાલ હતા ત્યારે લેડિઝ હોસ્ટેલ - બોય્ઝ હોસ્ટેલના રેક્ટર પ્રા. શ્રી જે.એન. શુક્લ હતા. એ સમયે ઝવેરી સાહેબની સ્વામીજી સાથેની મુલાકાતના અવસરે આ લેખના લેખક પણ ઉપસ્થિત હતા. તેમણે બંને સંતોની પધરામણી કૉલેજમાં તથા નિજ નિવાસ સ્થાને કરાવી હતી.

એક સમયે જ્યારે પ્રા. એચ.બી. પટેલ કાર્યકારી પ્રિન્સિપાલ હતા ત્યારે "શિશિરોત્સવ" સાત દિવસ માટે ઉજવેલો. જે ઉત્સવ દરમ્યાન સમગ્ર કૉલેજનું સંકુલ સ્નેહથી ધમધમી રહેલું. તે સમયનો આનંદ અને સમગ્ર કામગીરી એક અમૂલ્ય સંભારણા તરીકે સ્થાપિત થઈ ગયું છે.



*કૉલેજના એક કાર્યક્રમમાં શ્રી ભૂપતભાઈ ઓઝાનો પરિચય કરાવી રહ્યા છે... પ્રા. સૂર્યકાંત ભટ્ટ (ડાબી તરફ) મંચસ્થ અન્યમાં પ્રા. ભીડે સાહેબ, પ્રિ. શુક્લ સાહેબ, ભૂપતભાઈ ઓઝા (આઈ.એફ.એસ.), પ્રા. જાની સાહેબ તથા પ્રા. જી.આર. ત્રિવેદી સાહેબ*



*કૉલેજના જી.એસ. શ્રી ભૂપતભાઈ એમ. ઓઝા (આઈ.એફ.એસ.)*

આ કૉલેજના અનેક વિદ્યાર્થીઓ આજે સાહિત્ય ક્ષેત્રે ખૂબ જ નામાંકિત થયા છે. દેશ-પરદેશમાં ઉચ્ચ હોદ્દા પણ ધરાવે છે. શ્રી ભૂપતભાઈ મહાશંકરભાઈ ઓઝા જેઓ આ કૉલેજના જી.એસ. અને અર્થશાસ્ત્રના વિદ્યાર્થી હતા, કૉલેજમાં પ્રથમ આવેલા. તેઓએ આઇ.એફ.એસ.ની પરીક્ષામાં સફળતા મેળવીને કચ્છ તથા કૉલેજને ગૌરવ અપાવ્યું હતું. છેલ્લે સ્વિડન મધ્યે ભારતના રાજદૂત હતા.

શ્રીમતી વિજયાલક્ષ્મીબેન તુલસીદાસભાઈ શેઠ - કચ્છ કલેક્ટર શ્રી ટી.એમ. શેઠના પુત્રી આઈ.પી.એસ. ઇન્ડિયન પોસ્ટલ સર્વિસ ઉત્તીર્ણ કરી ઉચ્ચા હોદ્દા પર બિરાજમાન રહ્યા. તેઓ પણ લાલન કૉલેજના વિદ્યાર્થિની હતા.



*શ્રી ચિત્રસેન આર. શાહ ગાંધીનગર*

મૂળ માંડવી કચ્છના અને હાલે ગાંધીનગર સ્થિત જાણીતા કટાક્ષ હાસ્યલેખક શ્રી ચિત્રસેન આર. શાહ પણ લાલન કૉલેજમાં અભ્યાસ કરીને

જી.ઈ.બી.માં કાર્યપાલક ઇજનેર જેવા ઉચ્ચ હોદ્દા પર રહી ચૂક્યા છે. ઉપરાંત શ્રી શિવજીભાઈ દૂધૈયા, મૂળ કચ્છના વતની (હાલે સિંગાપુર) અને વિખ્યાત વૈજ્ઞાનિક લાલન કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. તેમણે વિક્રમ સારાભાઈ તથા ડૉ. અબ્દુલ કલામના સંગાથે ભારતના 'ઇસરો' જેવા યુનિટમાં વૈજ્ઞાનિક ક્ષેત્રની ઉચ્ચ કામગીરી કરીને અનેક ઍવોર્ડ્સ પણ પ્રાપ્ત કર્યા છે. લાલન કૉલેજ - ભુજમાંતી પાસ-આઉટ થઇને અનેક તેજસ્વી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થઈને આ કૉલેજનું નામ રોશન કર્યું છે.



*શ્રી શિવજીભાઈ દૂધૈયા*

ઇ.સ. ૧૯૫૬-૫૭થી મિત્ર પરિવારની એક ટીમ હતી. જેના લીડર હતા શ્રી હંસરાજ એચ. જોશી જેઓ રેવન્યુ ખાતામાં હતા. શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી ભગવાનજી વાયડા, શ્રી કાન્તિભાઈ ઠક્કર, શ્રી સુભાષભાઈ દેસાઇ, શ્રી નિરંજનભાઈ બુચ વગેરે તે ટીમમાં હતા. શ્રી એચ. એચ. જોષીને અમે "બાવા" તરીકે "હિઝ હાઇનેસ" સંબોધતા. ઘણી ટ્રીપોનું આયોજન કર્યું હતું તથા અનેક કાર્યક્રમો હાથ ધર્યા હતા, તેની સ્મૃતિ તાજી થાય છે. તે સમય દરમિયાન લેખકના ભાઈ ઘનશ્યામ ભટ્ટ બી.એ. ફાઇનલની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા અને એમ.એ. કર્યું. પુત્રી ભાવના ઇ.સ. ૧૯૮૧માં યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષમાં પ્રથમ આવી હતી. અર્થશાસ્ત્રમાં બે સુવર્ણ ચંદ્રકો તેણીએ મેળવીને કૉલેજનું સ્થાન અગ્ર ક્રમાંકે સ્થાપિત કર્યું હતું.



*શ્રી આર.આર. લાલન કૉલેજ - ભુજ*
*ભૂકંપ પહેલાની તસવીર (ઇ.સ. ૧૯૫૯થી ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧)*

'કચ્છશ્રુતિ'માં વિવિધ વિષય પર અવારનવાર આર્ટિકલ્સ લખનાર ટી.એલ. કંસારા પણ લાલન કૉલેજના જ વિદ્યાર્થી હતા. લાલન કૉલેજમાં સર્વશ્રી એન. ઝેડ. પટેલ, એસ. એમ. શાહ, એન. બી. નાયક, ડી. એમ. દેસાઇ, વાય.પી. દેશપાંડે, જી. ડી. શર્મા વગેરેએ રેગ્યુલર પ્રિન્સિપલનું પદ સંભાળેલ હતું. શ્રી વાય.ડી. ભાવે, શ્રી આઈ.જે. ધ્રુવ, શ્રી બી.જે. ઝવેરી, શ્રી એમ. એમ. પરમાર, શ્રી એમ.આઈ. પટેલ ઉપરાંત એચ.બી. પટેલ, સી.જે. વાલા, જી.એસ. રાવ, એ.એન. પટેલ, ડૉ. એમ.જી. ઠક્કર વગેરે કાર્યકારી પ્રિન્સિપાલ તરીકે રહ્યા હતા. આ લેખના લેખકના વિદ્યાર્થી શ્રી પરેશભાઈ રાવલ હાલે પ્રિન્સિપાલ પદે આરૂઢ છે. ***(ક્રમશઃ)***

***લીમડા લાઇન, સંસ્કાર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૩ ૩૪૩૪૬***

## હૃદય મંથન

## ભારતમાં અંગ્રેજોના વિજયનું રહસ્ય

### આપણે સૌએ રાષ્ટ્રપ્રેમી પ્રજા તરીકેનું સ્પષ્ટ અને પ્રબળ કાઠું કાઢવું જ જોઇએ

એક પ્રસિદ્ધ અંગ્રેજ ઇતિહાસકારે લખ્યું છે કે, ભારતમાં તો અમે વ્યાપાર કરવા આવ્યા હતા, પણ અમે થોડા વર્ષોમાં હિન્દુસ્તાનના સ્વામી બની ગયા. અમારો સતત વિજય, અમારી સેનાની શૂરવીરતાને કારણે નહીં પણ ભારતીય ચારિત્ર્યની શિથિલતાના કારણે મળ્યો છે. જે રાજ્ય ઉપર અમારે ચડાઈ કરવી હોય ત્યાં પ્રથમ રાજદૂત મોકલીએ, તે રાજસત્તા પ્રત્યે અસંતુષ્ટ તત્ત્વોને હાથ ઉપર લઈએ, પછી લાલચુ માણસોને શોધીએ. તોપચી, દરવાન, સરદાર વગેરેને નાની મોટી લાંચથી ફોડીએ. બસ, આટલું કર્યા પછી એક દિવસ હુમલો કરીએ. ફૂટેલા માણસો દ્વારા થોડી જ મહેનતે વિજય મેળવી લઈએ. **આ દેશ અને પ્રજા એવી છે કે તેમાંથી ઘણા માણસોને લાલચ અને ભયથી ફોડી શકાય છે.** બસ, આ જ અમારા વિજયનું રહસ્ય છે. આ કેટલી સાચી વાત છે અને કેટલી ખોટી વાત છે તે તો આપણે સૌએ વિચારવાનું. હું તો ઇચ્છું છું કે કદાચ ભૂતકાળમાં આ વાત સાચી હોય પણ અત્યારે તો જુઠ્ઠી થવી જ જોઈએ. હવે તો આપણે સૌએ રાષ્ટ્રપ્રેમી પ્રજા તરીકેનું સ્પષ્ટ અને પ્રબળ કાઠું કાઢવું જ જોઈએ, પણ જે સમાચાર મળી રહ્યા છે તે સારા નથી.

***પૂર્વ મુખ્યમંત્રી છબીલદાસ મહેતાના પુસ્તક 'હૃદય મંથન'ના એક લેખમાંથી સાભાર***

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

dnp EDUCATION TRUST

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# પ્રો. એચ. સી. ધોળકિયા : શબ્દાંજલિ



**સ્વ. ડૉ. શ્રી હરસુખરાય સી. ધોળકિયા**

મ.સ. યુનિવર્સિટી - વડોદરામાં સ્થાપવામાં આવેલી લૉ ફેકલ્ટીનું સ્વપ્ન જોનાર અને હાઈકોર્ટને પાંચ જસ્ટિસ આપનાર લૉ ફેકલ્ટીના ફાઉન્ડર ડીન પ્રા. હરસુખરાય સી. ધોળકિયાનું તા. ૧૨-૮-૨૦૧૮ના રોજ વડોદરા ખાતે નિધન થયું હતું. મ.સ. યુનિવર્સિટીમાં લૉ ફેકલ્ટી શરૂ કરવાનું સ્વપ્ન તેમણે જોયું હતું અને તેમણે સાકાર કર્યું હતું. લૉ ફેકલ્ટીના ૨૫ વર્ષ સુધી લાંબાગાળા દરમિયાન તેઓ ડીન રહ્યા હતા. તેઓ લૉ કમિશન અને લેંગ્વેજ કમિશનના મેમ્બર રહ્યા હતા. યુનિ.ની સ્વાયત્તતા જાળવી રાખવામાં તેમણે મહત્ત્વનો રોલ નિભાવ્યો હતો.

લૉ ફેકલ્ટીની સ્થાપના ૧૯૬૦માં એચ.સી. ધોળકિયા દ્વારા કરવામાં આવી હતી. લૉ ફેકલ્ટીમાં કાર્યક્રમ દરમિયાન તેમનું સ્વાગત, ધોળકિયા સાહેબ કહીને કરવામાં આવતું હતું. હંસા મહેતા જ્યારે યુનિ.ના વાઈસ ચાન્સેલર હતા ત્યારે શ્રી ધોળકિયા લૉ ફેકલ્ટીમાં કાયદાના વર્ગો લેતા હતા. તેમનું વિશેષ યોગદાન લૉ કમિશન અને લેંગ્વેજ કમિશનના મેમ્બર તરીકે હતું. કોમન એક્ટ લાગુ કરવાના સમયે તેમણે યુનિ.ની સ્વાયત્તતા બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એચ.સી. ધોળકિયા સેવ એજ્યુકેશન કમિટીના મેમ્બર પણ હતા. જસ્ટિસ વેંકટ ચેલિયા વડોદરા આવ્યા હતા ત્યારે ધોળીકૂઈ ઝુંપડપટ્ટી પર બનાવવામાં આવેલ ફિલ્મ તેમને બતાવી હતી. ફિલ્મ જોયા બાદ જસ્ટિસ વેંકટ ચેલિયાએ એટ્રોસિટી મામલે ગુજરાતના ચીફ સેક્રેટરીને પત્ર લખ્યો હતો. એચ.સી. ધોળકિયાએ ગુજરાત રાજ્યમાં સ્થાપવામાં આવેલ માનવ અધિકાર પંચનું માળખું તૈયાર કર્યું હતું. જ્યાં સુધી તેમાં ભરતી કરવામાં ન આવે ત્યાં સુધી તેમણે માનવ અધિકાર પંચમાં મહત્ત્વની જવાબદારી નિભાવી હતી. તેમણે ઈન્ટરનેશનલ લૉ અને કોન્સ્ટિટ્યુશન લૉ વિષય પર અનેક પુસ્તકો લખ્યા છે, જેને આજદિન સુધી સ્કોલર દ્વારા રેફરન્સ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તેમની ગણના દેશના જૂજ કાયદાવિદોમાં કરવામાં આવે છે.

## રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા કનકભાઈ અનંતાણીના નિધનથી શોક

અમદાવાદ ખાતે તા. ૫-૮-૨૦૧૮ના રોજ અવસાન પામેલા કનકભાઈ શાંતિલાલ અનંતાણી (ઉ.વ. ૯૧) મૂક-બધિર હતા. સ્વ. કનકભાઈને શારીરિક દિવ્યાંગતા છતાં શક્તિ અને ધૈર્યથી સિદ્ધિ મેળવવા બદલ ૧૯૭૪માં વી.વી. ગિરિના હસ્તે રાષ્ટ્રપતિ ઍવોર્ડ મળ્યો હતો. આવું સન્માન મેળવનારા સંભવતઃ તેઓ એકમાત્ર કચ્છી હતા. તેમના પિતા શાંતિલાલ અનંતાણીએ ટાંગાનિકામાં તેમને ખાસ કેળવણી આપી. મિકેનિકલ જ્ઞાન તરફ આકર્ષણ હોવાને કારણે એ દેશના મિકેનિકલ ડિપાર્ટમેન્ટે યુરોપિયન નિષ્ણાત પાસે તેમને ખાસ તાલીમ આપી હતી. પિતા અને ભાઈઓ ભુજ સ્થાયી થતાં અહીં આવી સિંચાઈ શાખામાં મિકેનિક બન્યા હતા. તેમને ગમત-ગમત પ્રત્યે ઘણો શોખ હતો. મૂક-બધિર હોવા છતાં એકલાએ ૨૫૦૦ કિ.મી.ની દક્ષિણ ભારતની મુસાફરી કરી હતી. આ જાણી રાષ્ટ્રપતિએ પણ તેમની હિંમત અને સિદ્ધિને બિરદાવી હતી. ઘણીવાર પહેલીવાર મળનાર વ્યક્તિને તેઓ મૂક-બધિર લાગતા પણ નહીં.


તેઓ ક્રિકેટ પણ સારું જાણતા અને વિકેટકીપર - બેટ્સમેન તરીકે વર્તુળમાં જાણીતા હતા. આ માટે તેમને માજી મહારાવ મદનસિંહજીએ સન્માનિત પણ કર્યા હતા. ભુજ જીમખાનામાં તેઓ સભ્ય હતા. મૂક-બધિર લોકો પણ પ્રબળ ઈચ્છાશક્તિ ધરાવે તો સામાન્ય જીવન જીવી શકે એ માટે તેઓ પ્રેરણાસ્રોત રહ્યા છે. ■

# આ બાળસાહિત્ય તમારાં બાળકોના બહુમુખી વિકાસનાં દ્વાર ખોલશે !










## બાળકથાઓ

### ધૂમકેતુ

| | |
|---|---|
| જીવનઘડતરની વાતો (પુ. 4) | 120 |
| ઉપનિષદ્કથાઓ 1-4 | 150 |
| લોકસંસ્કાર દીપાવલિ શ્રેણી-1 પુ. 5 | 225 |
| પ્રસંગકથાઓ (પુ.5) | 250 |

### રમણલાલ સોની

| | |
|---|---|
| ભૂરિયો ભોટ | 200 |
| એક હતા મૂરખલાલ (પુ. 4) | 200 |
| ગલબા શિયાળની 32 વાતો (ભા. 1થી 4) | 240 |

### હરિપ્રસાદ વ્યાસ

| | |
|---|---|
| બકોર પટેલ : ઉજાણીએ | 60 |
| બકોર પટેલ : છબરડા ! | 60 |
| બકોર પટેલ : રણમેદાને | 60 |
| બકોર પટેલ : થાય તેવા થઈએ ! | 60 |
| બકોર પટેલ : તેરી બી ચૂપ ! | 60 |
| બકોર પટેલ : ચમત્કાર ત્યાં નમસ્કાર ! | 60 |
| બકોર પટેલ : રજનું ગજ | 60 |
| બકોર પટેલ : લ્યો લેતા જાવ ! | 60 |

### વસંતલાલ પરમાર

| | |
|---|---|
| બાળવાર્તાઓનો બગીચો (ભા.1થી4) | 200 |
| ચતુર હરણ અને મૂરખ મગરો | 50 |
| અક્કલ બડી કે ભેંસ ? | 50 |

### જયભિખ્ખુ

| | |
|---|---|
| યજ્ઞ અને ઈંધણ | 80 |

### કુમારપાળ દેસાઈ

| | |
|---|---|
| બાળસાહસકથા શ્રેણી (ભાગ 1થી 4) | 120 |
| કેડે કટારી ખભે ઢાલ | 100 |
| ડાહ્યોડમરો | 100 |
| બિરાદરી | 45 |
| મોતીની માળા | 75 |

### યશવન્ત મહેતા

| | |
|---|---|
| યાદગાર સાચી શોધકથાઓ | 100 |
| પંડિત સસ્સારામનાં પરાક્રમો 1-5 | 300 |
| મોટા ઝાડનાં મીઠાં ફળ 1-5 | 300 |
| બાલરંજન વાર્તામાળા : પુ. 5 | 200 |
| વાર્તાકિલ્લોલ ભા. 1થી 4) | 250 |
| ઉદ્યમપ્રેરણાની કથાઓ | 200 |
| જાપાનની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 120 |

## બાળકથાઓ

| | | |
|---|---|---|
| મહાભારતના પ્રસંગો (બહુરંગી) | રતિલાલ બોરીસાગર | 250 |
| દાદાજીની વાતો | ઝવેરચંદ મેઘાણી | 80 |
| શહેનશાહ ગાંધી અને બીજી વાતો | જયંતી ડી. શાહ | 80 |
| દેશ-દેશના બીરબલ | રવીન્દ્ર અંધારિયા | 225 |
| ચકલીનો માળો | હસમુખ બોરાણિયા | 50 |
| પ્રાચીન યુગની વિરલગાથાઓ 1-2 | ઘનશ્યામભાઈ ગ. દવે | 175 |
| અલીબાબા અને ચાલીસ ચોર | સત્યમ્ | 90 |
| બહાદુર બાળકોની સાહસકથાઓ | નટવર હેટાઉ | 150 |
| Indian Freedom Fighters Vol. 5 | Vinod Meghani | 250 |
| હયા, સુમેધા, કશ્વી | યોસેફ મેકવાન | 60 |
| બિટ્ટુ વાર્તા કહે છે | લતા હિરાણી | 75 |
| પછેડી જેવડી સોડ | મગનલાલગાંધી | 13 |
| વાર્તા રે વાર્તા | સુરેશ માથુરે | 60 |
| દાદીમાની ડાયરી | હંસાબહેન પટેલ | 40 |
| મંગલમય જંગલ | અશોક જોષી | 100 |
| પતંગિયાની ઉડાન | ગિરિમા ઘારેખાન | 70 |
| દે તાલી ! | નયના મહેતા | 80 |

## બાળકાવ્યો

| | | |
|---|---|---|
| બાળ-કાવ્યકુંજ | અરુણિકા મનોજ દરૂ | 70 |
| ચૉકલેટનો બંગલો | મનુભાઈ પી. પટેલ | 40 |
| લોકજીભે રમતાં જોડકણાં | સુમન અજમેરી | 90 |
| અમોને મળી પવનની પાંખ | રાજેન્દ્ર શાહ | 35 |
| ફૂલવાટિકાનો માળી | જયંત સી. ગાંધી | 80 |
| બાળગીતો અને જોડકણાં | સંપા. જયંત શુક્લ | 50 |

## જ્ઞાન-ગમ્મત પ્રવૃત્તિઓ

| | | |
|---|---|---|
| આંકડાઓની અજાયબી | ભરત લા. શાહ | 80 |
| આંકડાની કરામત | વસંતલાલ દોશી | 60 |
| ગમતું ગણિત | કાન્તિલાલ જે. પટેલ | 120 |
| ગણિતવિહાર | બંસીધર શુક્લ | 120 |
| ગણિતના જાદુપ્રયોગો | ઈન્દ્રજિત ડૉક્ટર | 100 |
| કબૂતરખાનાનો સિદ્ધાંત (ગણિતગમ્મત) | આઈ. એચ. શેઠ | 40 |
| દીવાસળીની રમતો | વસંતભાઈ દોશી | 50 |
| આંકડાની કરામત | વસંતભાઈ દોશી | 75 |
| જિજ્ઞાસા અને કૌતુક 1-5 (પુરસ્કૃત) | હરસુખ થાનકી | 200 |
| જ્ઞાનજિજ્ઞાસા શ્રેણી પુ. 13 (પુરસ્કૃત) | રશ્મિન મહેતા | 360 |
| ક્રોસવર્ડ પઝલ | ગાર્ગી મશરૂવાળા મહેતા | 60 |
| જ્ઞાનગમ્મત પુસ્તકમાળા (પુ. 5) | યશવન્ત મહેતા | 375 |
| જ્ઞાનવિકાસપુસ્તકમાળા શ્રેણી : પુ. 13 | યશવન્ત મહેતા | 130 |

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

## ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

## ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

ઇતિહાસ

# હિટલરની ચડતી અને પડતી

• યશવંત મહેતા •

વીસમી સદીમાં વિશ્વ આખા પર મહત્તમ આફત અને મોત વરસાવનાર ઘટના બીજા વિશ્વયુદ્ધની (૧૯૩૯-૧૯૪૫) છે અને એ ઘટના માટે સૌથી વધુ જવાબદાર માણસ ઍડૉલ્ફ હિટલર (૧૮૮૯-૧૯૪૫) છે. એને વિશે વાત કરતાં અગાઉ, વિષય - પરિચયાત્મક વાતની માંડણી આમ કરવી પડે :

"આ એવા માણસની કહાણી છે કે જે ઑસ્ટ્રિયામાં જન્મ્યો, શરૂઆતમાં નાનાં-મોટાં મજૂરી જેવાં કામ કરતો રહ્યો. પરંતુ ધિક્કારમાંથી જન્મેલી એક વિચારસરણી વડે, જુઠાણાં વડે, પ્રભાવશાળી વક્તૃત્વશક્તિ વડે અને ઠંડી ક્રૂરતા વડે એક મહાન રાષ્ટ્રને એણે પોતાની મરજી મુજબ મરડ્યું કે જેથી પોતે એક વિરાટ સામ્રાજ્ય સર્જી શકે."

એના પોતાના આદર્શો તરીકે સિકંદર, ચંગેઝખાં, નેપોલિયન હતા કે નહિ એની ખબર નથી પરંતુ પેલા 'વિશ્વ' જીતવા નીકળેલા મહાસેનાપતિઓ જેવી જ એની ચાલ હતી.

વાત શરૂ કરીએ એક નાટકીય ઘટનાથી, જેની તારીખ ૩૦ જાન્યુઆરી, ૧૯૩૩ છે. એ તારીખની સાંજે - રાતે જર્મનીના પાટનગર બર્લિનના ઐતિહાસિક બ્રેન્ડનબર્ગ ગેટ સામે, વૃક્ષાચ્છાદિત અંટર ડેન લિન્ડન રાજમાર્ગ પર લશ્કરની ટુકડી પછી ટુકડી, એક અનંત લાગતી કૂચકદમ કરી રહી હતી. પથ્થર જડિત એ રાજમાર્ગ પર સૈનિકોના માછલી જડિત બૂટ ખડાંગ-ખડીંગ, ખડાંગ-ખડીંગ રવ કરી રહ્યા હતા. એમની સાથે ચાલતી હતી મશાલો; જાણે આગની નદી વહેતી હોય! અને આ ઐતિહાસિક ઘટના, આ આંજી નાખનાર શક્તિ પ્રદર્શન એક બાલ્કનીમાંથી નિહાળી રહ્યા હતા બે જણ : ૮૫ વર્ષના પુરાણા યોદ્ધા તથા તત્કાલીન રાષ્ટ્રપતિ ફિલ્ડમાર્શલ પૉલ વૉન હિન્ડનબર્ગ અને એ જ દિવસે બપોરે રાષ્ટ્રપતિએ જેની ચાન્સેલર તરીકે સોગંદવિધિ કરી હતી તે ઍડૉલ્ફ હિટલર. જર્મનીમાં ચાન્સેલરનું પદ આપણા વડા પ્રધાનની કક્ષાનું છે.

આગળનાં પાંચેક વર્ષોથી રાષ્ટ્રવાદી સમાજવાદી પક્ષ (નેશનલ સોશિયલિસ્ટ પાર્ટી), જે ટૂંકમાં 'નાઝી' પાર્ટી કહેવાતી, એણે 'ઉદીયમાન જર્મની'ના ઉદ્ધારક 'ફ્યુહરર' (નેતા) તરીકે, દેશના ભવિષ્ય તરીકે ઍડૉલ્ફ હિટલરનો ખૂબ પ્રચાર કર્યો હતો. ભૂતકાળમાં દેશને જે કાંઈ નામોશી મળી હોય, દેશે જે કાંઈ ગુમાવ્યું હોય, તેને ભૂંસી નાખીને, દેશને ભવ્યતા અર્પણ કરી શકે તેવા એકમાત્ર નેતા તરીકે હિટલરની પ્રતિમા સર્જી હતી. સૈન્યને એક મંત્ર આપવામાં આવ્યો હતોઃ 'હેઇલ હિટલર!' એટલે 'જય હિટલર!' અથવા 'હિટલરનો જશ ગાવ!' સેંકડો સેંકડો સિપાઇઓ પેલી બાલ્કની પાસેથી પસાર થતાં 'હેઇલ હિટલર' પોકારીને દેશના નવા તારણહારને સલામી આપતા હતા.

આ વેળા ૪૪ વર્ષની વયનો હિટલર ગંભીર મુખમુદ્રા સાથે આ સલામી ઝીલી રહ્યો હતો. એ વેળા એના દિમાગમાં શું ચાલી રહ્યું હશે તે જાણવાનું આપણી પાસે કોઈ સાધન નથી. જિંદગીની શરૂઆતમાં ઑસ્ટ્રિયાના મુખ્ય શહેર વિયેનામાં મજૂરી કરતાં ગાળેલાં વર્ષો યાદ કરતો હશે? જિંદગીની શરૂઆતમાં વેઠવી પડેલી આપદાઓ યાદ કરતો હશે? પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૯) દરમિયાન પોતે મેળવેલા યુદ્ધના અનુભવો યાદ કરતો હશે? એ યુદ્ધમાં જર્મનીની આખરી હાર તથા એની ખાના-ખરાબી તથા અંતે યુદ્ધબંધી માટે લદાયેલી આકરી શરતો બદલ ધૂંધવાતો હશે કે જર્મનીની કાયાપલટ કરીને એને વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ બનાવવાનાં સપનાં ઘડતો હશે?... આપણને કશી ખબર નથી. પરંતુ ચાન્સેલર બન્યા પછી, ૧૯૩૩થી એના પોતાના નાલેશીભર્યા આપઘાત (૧૯૪૫માં) સુધી એણે અકુદરતી ઝનુનથી જર્મન સત્તા વિશ્વ પર લાદવા કોશિશ કર્યે રાખી. પોતાના આ આખરી ઉદ્દેશને સર કરવા માટે એ સર્વ સત્તા પોતાને હસ્તક ચાહતો હતો. શરૂઆતથી જ એને લોકશાહી સંસદીય રાજપદ્ધતિ અસ્વીકાર્ય હતી. પરંતુ સત્તા હાંસલ કરવા સુધી એણે પોતે લોકશાહીમાં માનતો હોવાનો દેખાવ ચાલુ રાખ્યો. ૧૯૩૧ની ચૂંટણીઓમાં એના પક્ષને બહુમતી મળી નહોતી. એટલે ૧૯૩૩માં એણે અન્ય પક્ષો સાથે સહયોગ કરીને સરકાર રચી. આ અન્ય પક્ષોને આ માણસ વિશે શંકાઓ તો ઘણી હતી, છતાં એમણે એને ચાન્સેલરપદે નીમવાની સંમતિ આપી. એ પક્ષોને આશા હતી કે ભાષણો, લેખો અને આત્મકથામાં ભલે આ માણસે આપખુદાત્મક વલણ દર્શાવ્યું હોય, એક વાર સમગ્ર દેશના વડાને પદે આવશે એટલે એ પદની જવાબદારીઓ એને

શાણો બનાવશે. ઉગ્ર અને આક્રમક ભાષણો કરવાં તે એક વાત છે અને શાસન સંભાળવું બીજી વાત છે.

૧૯૩૩ના જાન્યુઆરીમાં રાષ્ટ્રપતિ હિન્ડનબર્ગે હિટલરને ચાન્સેલર નીમ્યો તે પછી રાષ્ટ્રની સંમતિ લેવા માટે દેશની સંસદ (જર્મનીમાં એને રિશ્ટાગ કહે છે)ની ચૂંટણી જાહેર કરવામાં આવી. આ ચૂંટણી માર્ચના પ્રથમ સપ્તાહમાં યોજવાની હતી. એ માટે મત પડે તે અગાઉ જ તા. ૨૭મી ફેબ્રુઆરીને દિવસે એક એવી ઘટના બની જેણે નાઝી પાર્ટીને ઢગલેઢગલા મત મળે એવું વાતાવરણ સર્જી આપ્યું.

તા. ૨૭મી ફેબ્રુઆરીની મોડી સાંજે હિન્ડનબર્ગ રિશ્ટાગને અડીને જ આવેલા હેરેનક્લબ નામના ભોજનાલયમાં સહયોગીઓ સાથે જમી રહ્યા હતા ત્યારે અચાનક જ એમની આંખને ખૂણે એક ઝબકારો ઝિલાયો. જાણે અગનઝાળ નીકળી હોય. પોતે દોડ્યા. ક્લબની બારીએ ગયા. સાથીઓ અનુસર્યા. તે બધાએ જોયું કે રિશ્ટાગના વિશાળ, ચળકતા ગુંબજની આજુબાજુ અગ્નિ લબકારા મારી રહ્યો છે. રિશ્ટાગ ભડકે બળે છે! રિશ્ટાગ યાને સંસદ તો દેશનું પ્રતિષ્ઠાબિંદુ, માનબિંદુ! એને આગ? કોણે લગાડી એ આગ?

આવો પ્રશ્ન પણ પૂછાય તે અગાઉ તો જવાબ આવ્યો : સામ્યવાદીઓએ આ આગ લગાડી છે!

અરે ભાઈ, આ લાલ ભાઈઓ ક્યારનાય લાલ ક્રાંતિ કરવા થનગની રહ્યા છે ને! આગામી ચૂંટણી અગાઉ દેશને સળગાવવાનો આ રીતે એમણે આપેલો આ એક ઇશારો છે.

કેટલાક લોકો કોઈપણ ઘટના પછી તરત જ એના અપરાધીઓની જાહેરાત કરી જ દે છે; કારણ? કારણ બે હોઈ શકે : (૧) એમના મનમાં અમુક લોકો તરફ એટલો બધો દ્વેષ હોય છે કે કશી પણ ઘટના બદલ એ લોકોને જ જવાબદાર માને છે. (૨) અપરાધની ઘટનામાં એમનો પોતાનો જ સીધો કે આડકતરો હાથ હોય છે અને દોષનો ટોપલો કોના પર ઢોળવો, એ પણ પૂર્વનિશ્ચિત હોય છે.

આ નિયમ અનુસાર, હિટલરનો સાગરીત હરમાન ગોરિંગ બોલી ઊઠ્યો, "એકેએક સામ્યવાદીને ભડાકે દેવા જોઈએ!" આ ગોરિંગ પ્રથમ વિશ્વયુદ્ધ વેળા વાયુસેનાનો પાઇલોટ હતો. વિમાની દળની એક ટુકડીનો સ્ક્વૉડ્રન લીડર રહી ચૂક્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધમાં થયેલી જર્મનીની હારને એ પચાવી શક્યો નહોતો. બ્રિટન, ફ્રાંસ વગેરે પ્રત્યે વેરનો અગ્નિ એના દિલમાં સળગી રહ્યો હતો. પૂર્વ તરફ રશિયામાં સામ્યવાદીઓએ છેક ૧૯૧૭માં રાજાશાહી ઉથલાવી પાડી અને લોકરાજની સ્થાપના કરી એ પણ એને ગમતું નહોતું. એ લોકોએ ગરીબગુરબાંને ખાસ હકો આપ્યા એ તો ઓર ગમ્યું નહોતું. આવા વિચારો એકલા ગોરિંગના જ નહોતા. હિટલરની પૂરી નાઝી જમાતના આવા જ વિચારો હતા. આગળ જતાં નાઝીઓની આખરી મુઠભેડ રશિયા સાથે થવાની હતી અને આખરી હાર સામ્યવાદી સેનાઓ સામે જ!

રિશ્ટાગ ભડકે બળ્યાને બીજે દિવસે હિટલરે રાષ્ટ્રપતિ હિન્ડનબર્ગના એક આદેશ પર સહી લીધી. એ હતો દેશમાં કટોકટી જાહેર કરવાનો આદેશ. એ અન્વયે તમામ નાગરિક અધિકારો સ્થગિત કરવામાં આવ્યા. કોઈ પણ વ્યક્તિની કશા જ કારણ જણાવ્યા વગર ધરપકડ કરવાનો તથા એને અદાલત સમક્ષ રજૂ કર્યા વગર મનફાવતી મુદત સુધી અટકાયત કરવાનો પોલીસને અધિકાર આપવામાં આવ્યો. પરિણામે હજારો સામ્યવાદીઓ અને ઉદારમતવાદીઓને પોલીસે પકડી લીધા. એમાં સંસદ (રિશ્ટાગ)ના સભ્યોનો પણ સમાવેશ થતો હતો. પોલીસે મેરીનસ વૉલ ડરલ્યુબ નામના જુવાનને પકડીને, એના પર રિશ્ટાગમાં આગ લગાડવાનો આરોપ મૂક્યો. મેરીનસ સામ્યવાદી હતો, યહૂદી હતો, તદ્દન નિર્દોષ હતો. પરંતુ એના પર ઉતાવળો મુકદ્દમો ચલાવીને ઉતાવળે ઉતાવળે મોતની સજા ફરમાવી દેવામાં આવી. પછીથી નિર્વિવાદપણે સિદ્ધ થયું છે કે રિશ્ટાગને સળગાવવાનું કાવતરું ગોરિંગ અને ગોબેલ્સે ઘડ્યું હતું અને એમના સૂચનથી ઝનુની નાઝી ટુકડીએ પાર પાડ્યું હતું. પરંતુ તરત ને તરત તો આખા જર્મનીએ રાષ્ટ્રગૌરવના પ્રતીકરૂપ રિશ્ટાગ પર હુમલો કરવા બદલ સામ્યવાદીઓને અને યહૂદીઓને દોષી માન્યા.

આવું કાવતરું પાર પાડીને તરત જ નાઝીઓએ ઉગ્ર પ્રચાર શરૂ કર્યો કે તમારે મહાન જર્મન રાષ્ટ્રનું સ્વપ્ન સિદ્ધ કરવું છે કે સામ્યવાદી કાવતરાંખોરીને ચલાવી લેવી છે? જો કે નાઝીઓના આવા ઝંઝાવાતી પ્રચાર છતાં, પાંચમી માર્ચે જે મતદાન થયું એમાં નાઝીઓને બહુમતી ન મળી. જો કે એમને ૪૪ ટકા મત મળ્યા હતા જે અન્ય કોઈ પણ પક્ષ કરતાં વધારે હતા. એટલે હિટલરને ચાન્સેલરપદે ચાલુ રહેવાનું બહાનું મળી ગયું. એણે ક્રમશઃ દેશમાંથી લોકશાહીની નાબૂદી અને સરમુખત્યારશાહીની બોલબાલા થાય એ પ્રકારનાં પગલાં ભરવા માંડ્યાં.

– એક અતિ મહત્ત્વાકાંક્ષી માણસ આખા દેશને વ્યાપક યુદ્ધ અને પછી વ્યાપક વિનાશ ભણી કેવી રીતે ધકેલતો રહ્યો એની આ ચિંતનીય વાત આગામી પ્રકરણમાં જોઈશું...

*(ક્રમશઃ)*

***'હિટલરની ચડતી અને પડતી' પુસ્તકમાંથી સાભાર***

***'ઋત', ૪૭/એ નારાયણ નગર,***
***પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.***

સ્વાસ્થ્ય

# વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે

## પ્રકરણ - ૫ : સારવાર – (૨)

## World Schizophrenic Day : 24th May





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે ચિત્તભ્રમની બીમારીની સારવાર વિશે જાણ્યું. જેમાં (૧) દવાઓ દ્વારા સારવાર તથા (૨) બિહેવિયર થેરાપી દ્વારા સારવાર વિશે ઉંડાણમાં માહિતી મેળવી.

સારવારની અન્ય પદ્ધતિઓ વિશે આ અંકમાં જાણકારી મેળવીએ.

**(૩) કુટુંબીજનોની ભૂમિકા (Role of Care Takers) :**

ચિત્તભ્રમ બીમારીના દર્દી પ્રત્યેનું નકારાત્મક વલણ તથા કટુવચનો ચિત્તભ્રમની બીમારીની સારવારમાં આડખીલી બને છે તથા બીમારીનું પ્રમાણ વધારે છે.

"દર્દી આળસુ થઈ ગયો છે, તેને કામ કરવું નથી." "એ ઢોંગ કરે છે, નાટક કરે છે. કોઈ બીમારી નથી" વગેરે દર્દી માટે કટુવચનો છે. મનોવૈજ્ઞાનિક સત્ય એ છે કે આ ચિત્તભ્રમ બીમારીના લક્ષણો છે તથા આ લક્ષણો પર દર્દીનો કાબૂ હોતો નથી.

જેમ ડાયાબિટીસના દર્દીને મીઠાઈ આપવાથી નુકસાન થાય છે (હેતુ સારો હોવા છતાં) તેમ ચિત્તભ્રમ બીમારીથી પીડાતા દર્દી માટે કટુવચનો તથા નકારાત્મક વલણ નુકસાન કરે છે અને સારવારમાં અવરોધ સર્જે છે.

ચિત્તભ્રમ બીમારીથી પીડાતા દર્દીના સ્વજનો અને કુટુંબીજનોએ દર્દીને સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ (Empathy). દર્દીના ગમા, અણગમા, અપેક્ષાઓને ધ્યાનમાં રાખી, એ પ્રમાણેની વર્તણૂંક કરવી જોઈએ તથા વાણીમાં સંયમ કેળવવો જોઈએ. સ્વજનોના મનમાં શું છે એના કરતાં દર્દી સ્વજનોની વર્તણૂંક, વાણીનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે. સ્વજનોએ સમજણપૂર્વક યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. જેથી દર્દી હકારાત્મક અર્થઘટન કરે તથા સારવારમાં યોગ્ય સાથ અને સહકાર આપે.

ચિત્તભ્રમ બીમારીના દર્દીને હંમેશાં મહેસુસ થવું જોઈએ કે સ્વજનોને દર્દી પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ છે. દર્દીને થવું જોઈએ કે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સ્વજનોનો સાથ અને સહકાર મળી રહેશે. આવી સકારાત્મક લાગણીને લીધે દર્દી જલ્દી સારો થાય છે. બીમારીનો ઉથલો થવાની શક્યતા આથી ખૂબ ઘટી જાય છે.

કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકર્તા છે. તેવી જ રીતે વધારે પડતી લાગણી તથા વધારે પડતી સહાનુભૂતિ દર્દીને પાંગળો બનાવે છે અને સારવારમાં બાધારૂપ બને છે. સ્વજનોએ દર્દીને ધીમે ધીમે પોતાની જવાબદારી સંભાળી લેતા કરવું જોઈએ. સ્વજનોએ મક્કમ વલણ અપનાવી દર્દીને પોતાની જવાબદારી સ્વીકારતાં કરવું અગત્યનું છે. સારવારનો હેતુ હોય છે કે દર્દી પૂર્વવત પ્રમાણે પોતાનું કામ કરતો થાય, પોતાની જવાબદારી સ્વિકારી પોતાના પગ પર ઊભો રહે. નીચેનો કેસ એનું ઉદાહરણ છે.

- **કેસ સ્ટડી :**

૪૦ વર્ષના રમેશને ચિત્તભ્રમની બીમારી થયેલ. વિચારો, વર્તણૂંક, વાણી, લાગણી, કાર્યશક્તિ, એકાગ્રતને લગતા લક્ષણો હતા. છએક મહિના ભુવા તથા બીજી વિધિઓ કરવામાં વેડફી નાખ્યા. સમય, પૈસાની બરબાદી થઈ. બીમારીનું પ્રમાણ વધી ગયું. ત્યારબાદ લેખક પાસે લઈ આવ્યા. સારવારના એકાદ મહિનામાં જ ફરક જણાયો. ત્રણ મહિનાની સારવારમાં ઘણો જ ફરક પડ્યો.

રમેશ બીમાર પડ્યો એ પહેલા પોતાનો ધંધો સારી રીતે સંભાળતો હતો. પિતાજીના મૃત્યુ બાદ એકલે હાથે ધંધો સંભાળ્યો તો. દાયકામાં ધંધામાં સારી પ્રગતિ કરી હતી. બંને નાના ભાઈઓને પણ આ ધંધામાં સાથે રાખી સ્થિર કર્યા હતા. કુટુંબની જવાબદારીઓ પણ સાથે સાથે યોગ્ય રીતે નભાવતો હતો.

રમેશની બીમારી દરમ્યાન વચ્ચે ભાઈએ ધંધાની જવાબદારી સ્વીકારી લીધી હતી. ધંધો પૂર્વવત વ્યવસ્થિત ચાલવા લાગ્યો. પરિવારજનોને એમ લાગતું હતું કે રમેશ પર ધંધાનું તથા કુટુંબની વધારે પડતી જવાબદારી હતી તથા વધારે પડતું ટેન્શન હતું એટલે રમેશને ચિત્તભ્રમની બીમારી થયેલ. આથી બીમારી કાબૂમાં આવ્યા બાદ પણ રમેશને ધંધાની જવાબદારી આપી નહીં. ધંધા વિશેના બધા નિર્ણયો ભાઈ લેતો હતો. રમેશ ધંધા પર જતો પરંતુ ત્યાં સમય પસાર કરવા સિવાય બીજું કાંઈ કામ

રહેતું નહીં. આની રમેશના મન પર નકારાત્મક અસર થવા લાગી. દુકાન પર જવાનું રમેશનું અનિયમિત થઈ ગયું. એકલો અટુલો રહેવા લાગ્યો. વિચારોની દુનિયામાં રમેશ ખોવાઈ જતો. બીમારીનો ઉથલો થયો. સારવારમાં દવાનું પ્રમાણ વધારવું પડ્યું. ધીમે ધીમે ફરીથી સુધારો થવા માંડ્યો.

સારવાર દરમ્યાન કાઉન્સેલિંગમાં રમેશે જણાવ્યું કે મારા પર હવે કોઈ જવાબદારી નથી, કામ નથી, પ્રવૃત્તિ નથી. સમય પસાર થતો નથી. લેખકે વચેટ ભાઈને બોલાવીને રમેશને ધંધામાં જવાબદારી આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તથા આગળની સારવાર માટે જવાબદારી અગત્યની છે એમ સમજાવ્યું.

આ દરમ્યાન બિલ્ડિંગની સોસાયટીમાં રમેશને સેક્રેટરી બનાવ્યો. રમેશ નિયમિતપણે સેક્રેટરીનું કામ કરવા લાગ્યો. આ દરમ્યાન મ્યુનિસિપાલિટીની ઓફિસમાં અધિકારી જોડે ટેક્ષ તથા પાણીના બીલ બાબત યોગ્ય રજૂઆત કરી. આથી બીલમાં લગભગ પચાસેક હજારનો સોસાયટીને ફાયદો થયો. રમેશનું માન સોસાયટીમાં વધી ગયું. રમેશમાં આત્મવિશ્વાસનો વધારો થયો.

ધંધામાં પણ રમેશ પર જવાબદારી આવવા લાગી. ભાઈ ધીરે ધીરે જવાબદારી વધારતો ગયો તથા રમેશ એ પ્રમાણે વ્યવસ્થિત રીતે જવાબદારી સંભાળતો થયો.

સારવાર બાદ રમેશ પૂર્વવત ગુણવત્તાભર્યું જીવન (Quality life) જીવવા લાગ્યો.

**(૪) શોક ટ્રીટમેન્ટ (Electro Convulsive Therapy - ECT) :**

(અ) જ્યારે ચિત્તભ્રમ બીમારીનું પ્રમાણ વધારે હોય (Severe), (બ) ઉશ્કેરાટ, ગુસ્સો વધારે હોય જેના લીધે દર્દીને કે બીજાને નુકસાન થવાની શક્યતા હોય, (ક) દર્દીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય ત્યારે દવાઓની સાથે શોક ટ્રીટમેન્ટ અપાય છે.

શોક ટ્રીટમેન્ટમાં એનેસ્થેશિયા આપી (દર્દીને બેહોશ કરી) ફક્ત ૯૦થી ૧૦૦ વોલ્ટનો કરંટ ફક્ત એક કે બે સેકન્ડ માટે જ અપાય છે (ભારતમાં ઘર માટે વપરાતી વીજળી ૨૩૦ વોલ્ટની હોય છે) શોક ટ્રીટમેન્ટ આપતી વખતે દર્દીને કોઈપણ પ્રકારની તકલીફ થતી નથી. દર્દીને દુઃખાવો કે પીડા નથી થતી. શોક ટ્રીટમેન્ટ માટે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરત નથી. ટ્રીટમેન્ટ આપ્યા બાદ એકથી બે કલાકમાં દર્દી ઘરે જઈ શકે છે.

શોક ટ્રીટમેન્ટ સલામત, બિનહાનિકારક તથા વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે. સામાન્ય રીતે દર્દીને ૬થી ૧૦ ટ્રીટમેન્ટ અપાય છે. શોક ટ્રીટમેન્ટની અસર ઝડપથી (દિવસોમાં) થાય છે જ્યારે બીજી સારવારની પદ્ધતિની અસર થતાં ઘણો સમય (અઠવાડિયા કે મહિનાઓ) લાગે છે.

લોકોમાં શોક ટ્રીટમેન્ટ વિશે ઘણીબધી ગેરસમજ છે. ખોટી ભ્રામક માન્યતાઓ છે. મગજના સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન તથા પેટ સ્કેન (PET Scan) જેવી આધુનિક તપાસ અને સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે –

૧. મગજ (Brain)ને નુકસાન થતું નથી.

૨. મગજ (Brain) નબળું પડતું નથી.

૩. યાદશક્તિ ઓછી થતી નથી.

કોઈક જ કિસ્સામાં તાત્પુરતી યાદશક્તિ (recent memory) ઓછી થાય છે જે થોડા દિવસોમાં પાછી આવી જાય છે.

- **સારાંશ :**

૧. ચિત્તભ્રમ માનસિક તથા શારીરિક બીમારી છે.

૨. ચિત્તભ્રમ બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં રચના, કદ, રસાયણોમાં ફેરફાર થાય છે.

૩. આને લીધે (અ) વિચાર, (બ) વાણી, (ક) વર્તણૂંક, (ડ) ભાવના, (ઇ) કાર્યશક્તિ, (એફ) એકાગ્રતા, (એચ) ગ્રહણ શક્તિ પર વિપરીત અસર થાય છે.

૪. ચિત્તભ્રમ બીમારીની સારવારમાં દવાઓ પ્રાથમિક અને મુખ્ય ઘટક છે.

૫. પૂરક ચિકિત્સા તરીકે (અ) કાઉન્સેલિંગ, (બ) બિહેવિયર થેરાપી, (ક) કુટુંબીજનોનો યોગ્ય સાથ અને સહકાર અગત્યના છે.

૬. મનોચિકિત્સકની સલાહ પ્રમાણે યોગ્ય લાંબાગાળાની સારવાર કરવી જરૂરી છે.

૭. ઉપરોક્ત સર્વેના પરિણામ સ્વરૂપ દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે. જેમાં ધંધાકીય જવાબદારી, કૌટુંબિક જવાબદારી તથા સામાજિક જવાબદારી લઈ દર્દી નોર્મલ જીવન જીવી શકે છે.

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

પ્રજાતંત્ર

# ભ્રષ્ટાચાર અંગે મુખ્યમંત્રીની ચીમકી



શશીકાંત ઠક્કર, એડવોકેટ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને કલેક્ટરોની મીટિંગ બોલાવી ભ્રષ્ટાચાર સામે કડક ચીમકી આપી હોવાના સમાચાર બહાર આવ્યા છે. જિલ્લાના વહીવટી વડા તરીકે પ્રોએક્ટિવ ભૂમિકા ભજવી સમસ્યાઓના નિરાકરણ માટે પ્રેરણારૂપ બનવા અને સામાજિક સંવાદિતા જાળવવાના હેતુ સાથે કામ કરવા તેમણે સૌને શીખ આપી હતી. ભ્રષ્ટાચાર અટકાવવાની જાહેરાતો તમામ કક્ષાએથી થતી રહે છે, પરંતુ વાસ્તવિક રીતે ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લેવાનાં પગલાં લેવાતા જ નથી તે સૌનો અનુભવ છે. તાજેતરમાં બહાર આવેલા આંકડા મુજબ એક વર્ષમાં તકેદારીપંચને ૮૪૧૨ ફરિયાદો મળી છે, જેમાં સૌથી વધુ ૧૨૬૯ મહેસૂલ વિભાગની છે. બીજા નંબરે શહેરી વિકાસ વિભાગની ૧૨૫૨ અને ત્રીજા નંબરે પંચાયત વિભાગની ૧૦૩૯ ફરિયાદો થઈ છે. પરંતુ આ ફરિયાદોમાંથી કેટલી ફરિયાદોમાં વાસ્તવિક શિક્ષા કરાઈ છે તેવા આંકડા બહાર આવતા નથી. મહેસૂલ વિભાગમાં તો ગમે તેટલી ફરિયાદો કરાય પણ કોઈ પગલાં લેવાયા હોવાની કોઈ જાણ ફરિયાદીને થતી જ નથી. આ લેખકે પાંચ-છ વર્ષ સુધી પત્રવ્યવહાર કર્યા પછી થાકીને જ્યારે મુખ્યમંત્રીને ફરિયાદ કરી ત્યારે ત્યાંથી પણ જેની સામે ફરિયાદ હતી તેમને જ પત્ર લખી તેમનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું. સામાન્ય પ્રજાજનો જ્યારે સ્થાનિકેથી કે જિલ્લા કક્ષાએથી પ્રતિભાવ ન મળે ત્યારે જ તે છેલ્લે મુખ્યમંત્રી સુધી ફરિયાદ મોકલતા હોય છે. આવા કિસ્સાઓમાં મુખ્યમંત્રી કાર્યાલયમાંથી જેની સામે ફરિયાદ હોય તેનો અહેવાલ સ્વતંત્રપણે મંગાવી હકીકતો ચકાસવામાં આવે તો જ તેનો અર્થ સરે. માત્ર ફરિયાદને સંબંધિત કચેરીએ મોકલી દેવાથી ફરિયાદનો ઉકેલ થાય જ નહીં. **કોઈપણ ફરિયાદ આવે ત્યારે ફરિયાદીને તેની સત્તાવાર પહોંચ આઠ-દસ દિવસમાં અપાય અને વધુમાં વધુ ત્રણ મહિનામાં તેનો સ્પષ્ટ જવાબ આપવાની જડબેસલાક વ્યવસ્થા નહીં ગોઠવાય ત્યાં સુધી ભ્રષ્ટાચાર અટકાવવાની આવી ચીમકીઓ પોથી માંહેના રીંગણાં સાબિત થવા સર્જાયેલી છે તેમાં શંકા નથી.**

ચોક્કસ અધિકારીઓની સાબિત થયેલી ગેરકાનૂની કાર્યવાહીઓ અંગે પણ વહીવટીતંત્ર પગલાં ન લેતું હોય, ફરિયાદીને ફોજદારી ફરિયાદ કરવાની પરવાનગી આપવાનો પણ તંત્ર દ્વારા બેશરમીભર્યો ઇન્કાર કરાતો હોય ત્યાં ભ્રષ્ટાચાર નિયંત્રણમાં રાખવા માટેની ચીમકીઓ માત્ર નાટક જ સાબિત થવા સર્જાઇ છે.

જ્યાં ફરિયાદીની ફરિયાદ અરજીમાં કોગ્નિઝેબલ ગુનો બનતો હોય તેવી હકીકત અપાઈ હોય ત્યાં તેની એફ.આઈ.આર. નોંધવાની સંબંધિત પોલીસ સ્ટેશન અધિકારીની કાનૂની ફરજ બને છે તેવું ભારતની સુપ્રીમ કોર્ટે પણ સ્પષ્ટ રૂલિંગ આપ્યું હોવા છતાં અને આવા કિસ્સામાં ફરિયાદ ન નોંધાય ત્યાં સંબંધિત પોલીસ અધિકારીઓ સામે પણ ગુનો બનતો હોવાની કાનૂની જોગવાઈ છતાં અવારનવાર આવા કિસ્સાઓ માધ્યમો દ્વારા બહાર આવે છે અને ફરિયાદી છેક હાઈકોર્ટમાંથી દિશાનિર્દેશ લઈ આવ્યા પછી ફરિયાદ નોંધાય છે. તેમ છતાં આવા પોલીસ અધિકારી સામે ગુનો નોંધાયો હોય તેવું જોવા જાણવા મળ્યું નથી.

સરકારી વહીવટીતંત્રમાં પસંદગીયુક્ત નિકાલ પદ્ધતિ કડક હાથે દાબી દઈને ક્રમાનુસાર નિકાલ પદ્ધતિનો અમલ કરવામાં આવે તો ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવાનું કાર્ય મહદ્ અંશે સફળતાને પામે. પરંતુ તેમ કરવાની તંત્રની કોઈ નિયત જ નથી.

થોડા સમય અગાઉ એ.સી.બી.ના નાયબ નિયામક હસમુખભાઈ પટેલે કચ્છની મુલાકાત દરમ્યાન ભ્રષ્ટાચાર અંગે સામાન્ય જનતામાં જાગૃતિ લાવવા ભુજ અને ગાંધીધામમાં બેઠકો કરી હતી. ભુજની બેઠક દરમ્યાન આ લેખકે તેમને ભ્રષ્ટાચારના કેટલાક કિસ્સાઓ અંગે આ કોલમમાં અપાયેલા લેખોની નકલો સાથે એક લેખિત પત્ર આપ્યો હતો. **તેમાં જણાવેલું કે ભ્રષ્ટાચારને નાથવા સામાન્ય પ્રજાજનો ઇચ્છા તો ધરાવતા જ હોય છે, પરંતુ તેમને યોગ્ય માર્ગદર્શન, સહકાર અને સંવેદનશીલતાનો અહેસાસ થતો ન હોવાથી તેઓ લાચારીથી ભ્રષ્ટાચારને તાબે થતા હોય છે.** આમ છતાં અમારા

જેવા જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર કોઈપણ અંગત હિતસંબંધ વિના જ્યારે તંત્રને ફરિયાદો કરવામાં આવે છે ત્યારે તેવી ફરિયાદો અંગે ન તો કોઈ સત્તાવાર પહોંચ અપાય છે કે ન તો કોઈ જવાબ મળે છે. બહુ દબાણ કરાયા બાદ પણ જેની સામે ફરિયાદ હોય તેનો જ જવાબ એકતરફી સ્વીકારી ફરિયાદીને સાંભળ્યા વિના ફરિયાદ દફ્તરે કરી દેવાય છે. અન્યથા એક કચેરીથી બીજી કચેરીને તબદીલ કરતા જવાય છે પરંતુ કોઈ સ્પષ્ટ અને સુરેખ તપાસ થતી જ નથી. **આશ્ચર્ય તો એ છે કે મહત્ત્વનાં વહીવટીતંત્રો આવી ફરિયાદોની કોઈ નોંધણી પણ રાખતા નથી. જેથી કેટલી ફરિયાદો આવી અને કેટલી નિકાલ થઈ તેના આંકડા પણ તેઓ આપી શકતા નથી.**

એ.સી.બી.ના નાયબ નિયામક દ્વારા આ અંગે તા. ૫-૫-૨૦૧૮ના પત્રથી જણાવવામાં આવ્યું છે કે ગૃહ વિભાગના તા. ૨૭-૧૨-૨૦૦૧ના પરિપત્ર મુજબ સરકારના દરેક વિભાગમાં તકેદારી અધિકારીની નિમણૂંક કરવાની સરકારની સૂચના છે અને તેવા તકેદારી અધિકારીને પરિપત્રના ફકરા નં.-૩ ના પેરા નં.-૫ અન્વયે આવા કેસોમાં તપાસ શરૂ કરી યોગ્ય પગલા લેવાની ફરજ સોંપવામાં આવી છે. એટલું જ નહીં, પણ તકેદારી આયોગના તા. ૧૩-૮-૨૦૦૮ના પરિપત્રના પેરા નં.-૨ મુજબ ભ્રષ્ટાચાર કે ગેરરીતિની ઘટના બને તે પૂર્વે જ આવી ઘટના બનતી નિવારી શકાય તેવા વહીવટી સરળતાવાળા અને પારદર્શક પગલાં ભરવામાં આવે તે નિતાંત આવશ્યક હોવાનું જણાવાયેલું છે.

તકેદારી આયોગના ઉક્ત પરિપત્રના પેરા ૩ માં જણાવ્યા મુજબ રાજ્યની કોઈપણ ખાતા કચેરીમાં ભ્રષ્ટાચારી રીતરસમ અપનાવવામાં આવતી હોય, નિર્ણયને ઈરાદાપૂર્વક વિલંબિત કરાતો હોય, અન્યથા જનતા સાથે અસહકારભર્યું વલણ અપનાવી કનડગત કરાતી હોય કે કોઈની ગેરવાજબી તરફેણ કરાતી હોય તેવા કિસ્સાઓમાં નિવારક તકેદારી નિરીક્ષણ જરૂરી ગણી તે અંગે પેટા પેરા ૧ થી ૭માં માર્ગદર્શક સૂચનાઓ પણ અપાઈ છે. આ અંગેની વિસ્તૃત વિગતો આ કોલમમાં તા. ૧૭-૨-૨૦૦૯ના લેખમાં અપાઈ છે. પરંતુ આ સુચનાઓ મુજબની નિવારાત્મક તકેદારી નિરીક્ષણોની વ્યવસ્થા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીઓ દ્વારા કરાઈ હોય તેવો અહેસાસ થયો નથી અને આ મુખ્ય ખાતાઓમાં પણ તકેદારી અધિકારીની જવાબદારી કોઈને સોંપાઈ હોય તેવું જાણવા મળ્યું નથી.

આથી એ.સી.બી. દ્વારા આ લેખકે રજૂ કરેલી હકીકતો અંગે પંચાયત વિભાગના સચિવને નિવારક તકેદારી નિરીક્ષણ અંગેની સૂચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવ્યું છે.

આમ નિયમો, હુકમો, પરિપત્રો વગેરે દ્વારા વિસ્તૃત સુચનાઓ અપાયા છતાં સંબંધિત તંત્રો દ્વારા તેનો યોગ્ય અમલ કરવામાં આવતો નથી અને તેના પરિણામે લોકોને માહિતી અધિકાર કાયદાનો આશરો લેવાની ફરજ પડે છે. પરંતુ તાજેતરમાં ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મળેલી માહિતી અન્વયે આ કાયદાની યોગ્ય અમલવારીમાં પણ ગુજરાત રાજ્યની પ્રગતિ અન્ય રાજ્યોની સરખામણીએ તદ્દન અસંતોષકારક રહી છે. માહિતી આયોગમાં પૂરતા કમિશનરો નથી અને જે છે તે સરકારમાંથી નિવૃત્ત થયેલા અમલદારો છે. આથી તેમનું વલણ વહીવટીતંત્રના માહિતી આપવામાં ઠાગાઠૈયા કરતા અધિકારીઓ તરફ તદ્દન કૂણું રહે છે. તેના પરિણામે આ રોગ વકરતો જાય છે. અપીલ અધિકારી યોગ્ય નિર્ણય ન આપે તો તેની સામે શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા આયોગને નથી. તાજેતરમાં એક જુનિયર કમિશનર – જેમણે યોગ્ય કારણો આપ્યા વિના ઘણી અપીલો, ફરિયાદોનો નિકાલ તંત્રની તરફેણમાં કર્યો છે તેમને પ્રમોશન આપવાનો હુકમ રાજ્ય સરકારે કર્યો હોવાથી તેમનાથી સિનિયર એવા કમિશનરે રાજીનામું આપ્યાના પણ સત્તાવાર અહેવાલ બહાર આવ્યા છે તે બતાવે છે કે ભ્રષ્ટાચારને ડામવા સરકાર કેટલી પ્રામાણિક છે! ■

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**


**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

વાર્તા

# ફાધર્સ ડે ની ગિફ્ટ – (૧)



બલવીરસિંહ જાડેજા

'દાદા, બગીચામાં જતા પહેલાં હાફુસ કેરી કાપી આપું છું તે ખાઈને જાઓને! કાવ્યા દીદી લાવ્યા છે તે બધી પાકી ગઈ છે. પછી બગડી જશે દાદા!'

રસોઇવાળા મુક્તાબેનની સાથે આવેલી તેમની દીકરી મનીષાએ ગુણવંતરાયને આગ્રહ કર્યો.

'બધી પાકી ગઈ છે?'

'હા દાદા, લગભગ બધી જ પાકી ગઈ છે.'

'એમ કર, દસ-બાર કેરીની છાલ ઉતારી, ટુકડા કરી મને એક મોટા ઢાંકણવાળા બાઉલમાં ભરી આપ. અને સાથે થોડા પેપર નેપકીન, પેપર ડિશ કે બાઉલ અને પ્લાસ્ટિકના કાંટા પણ મૂકજે. આજે સાંજે બગીચામાં બાંકડે બેસતા બધા મિત્રોને પણ કેરી ખવડાવીશ. અને હા, તું અને મુક્તાબેન પણ બાકીની બધી કેરીમાંથી જોઈએ તેટલી ઘરે લઈ જજો, સમજી?'

'ભલે દાદા.'

મનીષા અને મુક્તાબેને હાફુસ કેરીના ટુકડા કરી, બધી સામગ્રી સાથે ગુણવંતરાયને પ્લાસ્ટિકની કેરીબેગમાં ભરી આપ્યા. બગીચામાં સાંજે સાથે બેસતા સમવયસ્ક બધા મિત્રોને, વતનની હાફુસ કેરી ખવડાવવાના ઉત્સાહમાં ગુણવંતરાય નીકળી પડ્યા.

રસ્તામાં વતન, ખારા અબ્રામાના બચપણના મિત્રો સાથે વિતાવેલા દિવસો અને ધીંગામસ્તીભર્યા પ્રસંગોની યાદ સાથે સૌની યાદ આવી ગઈ. બધા જ કેરીની વાડીઓવાળા ખેડૂતોના સંતાનો. પોતે ગુણવંત મગન દેસાઇ, મનુ નગીન મિસ્ત્રી, રમણઇચ્છા, ભાસ્કરનાનુ, ગીરીશ મોરાર વશી, કેકી પરવેઝ પારસી બાવો અને પેલો દોલત ધૂની.

જૂની યાદો વાગોળતા ચહેરા પર હાસ્ય આવી ગયું.

'અરે!... ગુણવંતભાઈ કેમ આજે મોડા? અને મરકાતા મરકાતા આવો છો, કાંઈ ખાસ છે કે શું?'

નટવરભાઈ પટેલે નજીક આવતા જ પૂછી લીધું.

'અને આ શું હાથમાં પકડીને આટલું બધું લેતા આવ્યા છો બંધુ?' વિજયસિંહ બાપુએ હાથમાં રહેલી વજનદાર થેલી કે કેરીબેગ જોઇને સવાલ કર્યો.

'ચાલો ચાલો બધા લોનમાં... આજે બાંકડે બેસવાનું નથી.'

'કેમ... કેમ...?'

'અરે, ચાલો તો ખરા. આજે મારા તરફથી કેરી પાર્ટી.' કહીને સૌને બોલાવી બગીચાની લોનમાં પહોંચી ગયા.

'વાત જાણે એમ છે કે, ગઇકાલે રવિવારે ફાધર્સ ડે હતો એ તો તમે જાણો છો. એટલે દીકરી કાવ્યા અને જમાઇ કનકકુમાર મને ભાવતી, મારી પ્રિય વલસાડી હાફુસની મોટી પેટી લઈ આવ્યા. હવે હું એકલો કેટલી કેરી ખાવાનો? થયું, ચાલોને બધા મિત્રોને પણ ખવડાવું. એટલે તમારા બધા માટે, રસોઇવાળા મુક્તાબેન અને એમની દીકરી પાસે ટુકડા કરાવીને લેતો આવ્યો. ચાલો ચાલો, બધા ગોળાકાર બેસી જાઓ એટલે શરૂ કરીએ.'

'ગુણવંતભાઇ, તમારી એકની એક દીકરીનું નામ તો શ્રીલેખા હતું અને મને યાદ છે ત્યાં સુધી ત્રણ-ચાર વરસ પહેલાં જ... અને આ કાવ્યા અને કનકકુમાર...?' મનહર મોદીએ વાત અધૂરી મૂકી પ્રશ્ન કર્યો.

'હા, શ્રીલેખા તો ભગવાનના ઘરે જતી રહી.... કાવ્યાને મારી દીકરી બનાવતી ગઈ. મને ફાધર્સ ડે ની ગિફ્ટ આપતી ગઈ. એ વાત પછી... પહેલાં હાફુસ કેરીને સૌ ન્યાય આપો.'

પાંચ સાત કે આઠ દસ, દરરોજ બગીચાના બાંકડે બેસતા રિટાયર્ડ મિત્રોમાંથી, તે દિવસે હાજર રહેલા મિત્રો ગુણવંતભાઈના વતન વલસાડ જિલ્લાની હાફુસ કેરીની મીઠાશ માણતા રહ્યા.

'અરે હજી બધા વધુ લઈને ખાવ. હજી તો કેટલી બધી વધી છે. આ પાછી નથી લઈ જવાની. છેલ્લે જતા પહેલાં બધી પૂરી કરવાની છે સમજ્યા!'

મનહર મોદી જેવા ચીકણા મિત્રને શ્રીલેખાની જગ્યાએ કાવ્યા અને એ પણ એ જ જમાઇ કનકકુમારની સાથે અને ફાધર્સ ડે ની ગિફ્ટની વાત જાણ્યા વિના જાણે કેરીની મીઠાશ અધૂરી લાગતી હતી. એટલે એણે જ વાતનું અનુસંધાન જાણવા પૂછ્યું, 'શું કહેતા હતા ગુણવંતરાય તમે દીકરી વિશે?'

'વાત એમ છે કે ગઈકાલે જ ફાધર્સ

ડે ગયો. દર વરસે ફાધર્સ ડે ના દિવસે, મને મારી ભાવતી, પ્રિય એવી હાફુસ મારા વતન અબ્રામાથી ખાસ મંગાવીને દીકરી શ્રીલેખા, તે હતી ત્યારે અને પછી આ દીકરી કાવ્યા લઈને દર વરસે મને મળવા જરૂર આવે છે. શ્રીલેખા તો ચાર વરસ પહેલાં ભગવાન પાસે પહોંચી ગઈ પણ મને ફાધર્સ ડે ની અણમોલ અને અદ્‌ભુત ગિફ્ટ આપતી ગઈ. કાવ્યાના રૂપમાં, પોતાની જગ્યાએ મને, તેનાથી પણ સવાઇ દીકરી. મારા દોહિત્ર નચિકેતાને માતા અને જમાઈ કનકકુમારને પોતાની જગ્યાએ પત્ની તરીકે સ્થાપી, અમારું આયખુ સુધારતી ગઈ.' આટલું બોલતાં બોલતાં ગુણવંતરાય દેસાઇ લાગણીવશ બની થોડા ઢીલા પડી ગયા.

'અરે... અરે.. ગુણવંતભાઈ, આમ ઢીલા થવાય? તમે તો અમારા મજબૂત લીડર કે ગાઈડ કે જીવનના પથદર્શક છો. તમે ઢીલા પડો તો કેમ ચાલે? સંતાન આપણા પહેલાં જતા રહે તેનું દુઃખ તો હોય જ પણ તમે કહ્યું કે, દીકરી શ્રીલેખા ફાધર્સ ડે ની અણમોલ ભેટ કાવ્યાના રૂપે આપતી ગઈ તેની વાત કરો, ચાલો.' ઉંમરમાં સૌથી વયસ્ક હસમુખ માસ્તરે વાતને સંભાળી લીધી.

'વાત જાણે એમ છે કે શ્રીલેખાના લગ્ન કર્યા ત્યારે જમાઈ કનકકુમાર 'અતુલ'માં કેમિકલ એન્જિનિયર હતા. પછી મારા ઘરવાળા સ્વર્ગે સિધાવ્યા બાદ દીકરી શ્રીલેખાના કહેવાથી, યોગાનુયોગ આઈ.પી.સી.એલ. વડોદરામાં મેનેજરની જગ્યાની જાહેરાત આવતાં, નિમણૂંક મળી. અહીં હું અમદાવાદ એકલો અને વલસાડ કરતાં વડોદરા નજીક એટલે ગમે ત્યારે બે ત્રણ કલાકમાં વારંવાર આવીને મારી સારસંભાળ લઈ શકાય એવી શ્રીલેખાની ગણતરી હતી. એટલે વારંવાર દીકરી જમાઈ રજાના દિવસે કે વાર તહેવારે મને મળવા અને એકલવાયું ન લાગે તે માટે આવતા જતા. પછી તો આપણે ત્યાં પણ વિદેશના રિવાજ મુજબ બધા ડે ની ઉજવણી થવા લાગી એટલે ફાધર્સ ડે વખતે દીકરી-જમાઈ આવતા અને પૂછતા કે 'પપ્પા, તમને ફાધર્સ ડે ની શું ગિફ્ટ ગમશે? અમે કાંઈક ભેટ લાવીએ અને તમને પસંદ ન પડે તો? એટલે પૂછીએ છીએ. તમારી મનપસંદ હાફુસ કેરી તો અમે દર વરસે લાવીશું જ, તે પણ આપણા વતન અબ્રામાંથી ખાસ મંગાવીને. પણ તમને ઉપયોગી રોજબરોજમાં કામ આવે તેવી ભેટ અમારે તમને આપવી છે. અમને સમજ નથી પડતી કે તમને શું આપવું જોઈએ.'

(ક્રમશઃ)

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ, ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

Splendid

**P & G Enterprise**

*Kitchenware, Household Products & Corporate Gifts*

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*


**• CORPORATE OFFICE •**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

જબાન

# શબ્દશોધ

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૩)



તુલસી કંસારા

**Heritage** = હેરિટેજ એટલે વિરાસત. વારસામાં મળેલું કે મળી શકે એવી વસ્તુ. પોતાને ભાગે આવેલી વસ્તુ, ઇતિહાસ સંસ્કૃતિ વિ.નો વારસો. પૂર્વજો કે પુરોગામીઓ તરફથી અથવા યુગોથી ઉતરી આવેલી હરકોઈ બાબત.

જુલાઈ-૨૦૧૭માં યુનેસ્કો (UNESCO – United Nations Educational, Social and Cultural Organisation) નામની વૈશ્વિક સંસ્થાએ તેની ૪૧મી બેઠકમાં સર્વાનુમતે અમદાવાદ શહેરને હેરિટેજ શહેરનો દરજ્જો આપેલ છે. તેથી તે હવે પેરિસ, કેરો અને એડિનબર્ગ જેવા શહેરોની હેરિટેજ ક્લબમાં જોડાઈ ગયેલ છે. અહીંની મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૯મી સદીની શરૂઆતમાં બંધાવેલ સ્વામિનારાયણ મંદિરથી પ્રારંભ કરીને ૧૫મી સદીની જામા મસ્જિદ સુધીની ૨૦ જગ્યાઓ કવર કરતી હેરિટેજ વોક ૧૯૯૭થી શરૂઆત કરેલ છે. અહીં જૂના અમદાવાદની ફરતે ૧૫મી સદીમાં બંધાયેલ ગઢને ૧૨ દરવાજાઓ છે. તેની અંદર ૬૦૦ પોળો છે, ૧૦૦ કરતાં વધારે જૈન મંદિરો તેમજ અન્ય હિંદુ મંદિરો છે. લગભગ ૨૬૦૦ જેટલી નોંધાયેલ હેરિટેજ સાઇટો છે અને ૫૪ નેશનલ મોન્યુમેન્ટ્સ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા સુરક્ષિત છે. કચ્છની વાત કરીએ તો સફેદ રણ, કાળો ડુંગર, ધોળાવીરા, દેશદેવી માં આશાપુરાનું મંદિર, ઘુડખરની સેંક્ચ્યુઅરી, ભુજિયો ડુંગર, લખપતનો કિલ્લો, સિયોતની ગુફાઓ અને સાતમી સદીની મોન્ટેસરી ઇત્યાદિ હેરિટેજ સાઇટો છે.

**Dopamine** = ડોપામાઇન અને **Serotonin** = સેરોટોનિન. મગજમાં ઉત્પન્ન થતાં આ બે રસાયણોમાંથી, ડોપામાઇન એક એવું રસાયણ છે, જે મગજના બીજા વિભાગ સાથે માહિતીના ફેરબદલ માટે જવાબદાર છે અને તે શરીરની હલનચલન, સમજશક્તિ, શારીરિક આનંદ-મજા, મસ્તી વગેરેના ચાલક - પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે. તમે જોશો કે અપેક્ષા, તેના પ્રેરિત કોઈ ક્રિયા અને તેમાંથી અપેક્ષા મુજબ મળતું વળતર મગજના ડોપામાઇનમાં વધારો કરે છે, જે વ્યક્તિને ખુશ રાખે છે. આમાં તમે જોશો કે મુખ્ય બાબત છે કંઈક લેવું, પડાવવું કે ચાલાકી અથવા પોતાના હોદ્દાની રૂએ લેવાતી લાંચ - રિશ્વત જેવી બદીઓને પણ લેખાવી શકાય. વર્ષોથી કોઈ વસ્તુ મેળવવાની ઇચ્છા હોય તે સંતોષાય કે ટૂંક સમય માટે પણ કોઇ ભૌતિક આનંદ મળે તો એ બીજું કાંઈ નહીં પણ ડોપામાઇનનું વધેલું પ્રમાણ છે. હા, પણ આ અવસ્થા પણ ક્ષણિક જ રહે છે કે થોડા દિવસો સુધી રહે. સારા કપડાં, સુંદર મકાન, નવી કાર, ફોન અને ઘણું બધું મળતાં જે આનંદ મળે છે તે ખરેખર ડોપામાઇનના વધેલા પ્રમાણને કારણે છે.

આનાથી વિપરીત, આપવાથી મળતી ખુશી માટે કારણભૂત સેરોટોનિન નામનું રસાયણ છે. પરંતુ તેની અછત કેટલીક સમસ્યાઓને જન્મ આપે છે. દા.ત. હતાશા, ઉત્કંઠા, ઓછી ઊંઘ, મોસમી શારીરિક કે માનસિક વિકાર કે મંદવાડ, મંદ જઠરાગ્નિ વગેરે. સેરોટોનિન ત્યારે જ પેદા થાય છે જ્યારે આપણે બીજાને લાભ થાય એવું કોઈ કાર્ય કરીએ. આપણો ખુદનો સ્વાર્થ છોડીને બીજાને મદદરૂપ થવાની ક્રિયા કરીએ ત્યારે આપોઆપ મગજમાં સેરોટોનિનનું પ્રમાણ વધવાની શરૂઆત થાય છે. કોઈ ગરીબને મદદ કરવી, રસ્તામાં કોઈ અજાણ્યાને રસ્તો દેખાડવો, સગાવહાલાં કે મિત્રોને કામ આવવું, પોતાનો વિચાર કર્યા વગર સ્વાર્થમુક્ત બની અન્યને ફાયદો થાય એવું કામ કરીએ એટલે આપોઆપ એક આનંદ થાય છે જે બીજું કાંઈ નહીં પણ સેરોટોનિનની અસર છે. આ આદત કેળવવી પડે છે.

**Oxytocin** = ઓક્સીટોસીન અને **Endorphin** = એન્ડોરફીન.

ઓક્સીટોસીન આપણી વિવિધ સામાજિક પ્રવૃત્તિથી પેદા થાય છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિની ખૂબ જ નજીક આવીએ છીએ, સહવાસ કેળવીએ છીએ, મિત્રતા વિકસાવીએ છીએ, સમાજના લોકોને મહત્ત્વ આપીએ છીએ ત્યારે એક સારો ભાવ પેદા થાય છે. કોઈને ભેટવાથી, હસ્તધનૂન કરવાથી, વહાલ કરવાથી, માથે હાથ ફેરવવાથી, પીઠ થાબડવાથી કે સહાનુભૂતિનો સ્પર્શ આપવાથી અઢળક માત્રામાં આપણા મગજમાં ઓક્સીટોસીન પેદા થાય છે અને આપણને ખૂબ સારૂં અનુભવાય છે. આને કેટલાક લવ રસાયણ પણ કહે છે, જે લગ્નજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ એન્ડોરફીન રસાયણ પેદા કરવા થોડી મહેનત અને સ્વભાવ મહત્ત્વનો ફાળો

(અનુ. : જુઓ પાના નં.-૩૭ ઉપર)

sharpex®

forest & garden solutions




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટનં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

માહિતી

# કમાલના છે આ દુનિયાના દેશ!



નજમા વાય. ગોલીબાર

દુનિયાના દરેક દેશની પોતાની કંઈક ને કંઈક ખાસ ખૂબી હોય છે. ચાલો આપણે જાણીએ દુનિયાના કેટલાક ખાસ દેશોની ખાસ ખૂબી વિશે!

**સૌથી ખુશહાલ દેશ : કોલંબિયા**

'ગ્લોબલ બેરોમીટર ઓફ હોપ એન્ડ હેપ્પીનેસ'ને આધાર બનાવીને કરવામાં આવેલા એક સર્વેમાં કોલંબિયાને દુનિયાનો સૌથી વધુ ખુશહાલ દેશ માનવામાં આવે છે. અહીંના રહેવાસીઓ દરેક પરિસ્થિતિમાં ખૂબ જ મજા અને મસ્તીથી રહે છે અને જીવનને એક ઉત્સવની જેમ જુએ છે. આ જ કારણ છે કે આ દેશ દુનિયામાં સૌથી વધુ ખુશ છે.

**સૌથી વધુ નિરાશ દેશ : ફ્રાંસ**

ફ્રાંસમાં ધન દૌલતની કોઈ કમી નથી પણ ત્યાંના લોકો ખૂબ જ નિરાશાવાદી છે અને એટલે જ ફ્રાંસને દુનિયાનો સૌથી વધુ નિરાશ દેશ માનવામાં આવ્યો છે. હાલમાં જ એક સર્વેમાં આ વાતનો ખુલાસો થયો છે કે, ખાવા-પીવા અને બાકી બીજી બધી સગવડો હોવા છતાં ફ્રાંસ ખૂબ જ નિરાશ દેશ છે.

**સૌથી વધુ શિક્ષિત દેશ : કેનેડા**

આઈસીડી તરફથી યોજવામાં આવેલા એક અભ્યાસથી એ જાણવા મળે છે કે, કેનેડા દુનિયાનો સૌથી વધુ શિક્ષિત દેશ છે. ત્યાંના અડધાથી વધુ રહેવાસીઓની પાસે કૉલેજની ડિગ્રી છે. એટલે કે તેઓ ગ્રેજ્યુએટ છે. જાપાન અને સાઉથ કોરિયા પણ શિક્ષત દેશોના લિસ્ટમાં સામેલ છે. ભારતનો નંબર પાછળ છે.

**સૌથી અમીર દેશ : કતાર**

ફોર્બ્સ મેગેઝીને હાલમાં જ દુનિયાના સૌથી વધુ અમીર દેશોનું એક લિસ્ટ બહાર પાડ્યું છે. એમાં કતારનું નામ સૌથી ઉપર છે. લગ્ઝમ્બર્ગ બીજા નંબરે છે. કતારમાં ઓઈલ અને નેચરલ ગેસનું પ્રમાણ ખૂબ જ વધારે છે. આ જ કારણે એ દુનિયાનો સૌથી માલદાર દેશ બન્યો છે.

**મહિલાઓ માટે સૌથી વધુ સારો દેશ : ન્યુઝીલેન્ડ**

ધી ઈકોનોમિસ્ટના એક સૂચકાંકના આધાર પર ન્યુઝીલેન્ડને મહિલાઓ માટે સૌથી વધુ સારો દેશ માનવામાં આવ્યો છે. અહીં સ્ત્રીઓને દરેક વસ્તુમાં બરાબરીનો હક્ક - અધિકાર મળેલો છે.

**સૌથી વધુ શાંત દેશ : આઇસલેન્ડ**

દુનિયાના સૌથી વધુ શાંતિવાળા દેશોમાં આઈસલેન્ડનું નામ સૌથી ઉપર આવે છે. ગ્લોબલ પીસ ઈન્ડેક્સના આધાર પર આઈસલેન્ડ પછી ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડનો નંબર આવે છે. તો બીજી તરફ સૌથી ઓછી શાંતિ સોમાલિયામાં છે.

**સૌથી સાફ દેશ : આઇસલેન્ડ**

આઈસલેન્ડવાળા અને કોલંબિયા યુનિવર્સિટીના શોધશાસ્ત્રીઓએ પર્યાવરણ પ્રદર્શન સૂચકાંકના આધાર પર નક્કી કર્યું કે, આઈસલેન્ડ દુનિયાનો સૌથી સાફ દેશ છે. અહીં ગંદકી બિલકુલ નથી અને પર્યાવરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવે છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## ફેમિલી કાઉન્સેલરની શા માટે જરૂર છે?

સમાજમાં બાળકો, તરુણો, યુવાનો, મહિલાઓ, વડીલો તથા ઘર બાબત કેટલીક સમસ્યાઓ હોય છે. આ તમામ સમસ્યાઓના સમાધાન આપમેળે મેળવી શકાતા નથી અને તેથી ફેમિલી કાઉન્સેલરની મદદ જરૂરી બને છે.

***Free Family Consultancy Centres at various area of Ahmedabad City***

- **વધુ માહિતી માટે સંપર્ક :**

આદર્શ અમદાવાદ
ફોન : ૨૬૫૬૫૪૧૪, ૯૦૩૩૦ ૧૫૨૫૪

રંગ-તરંગ

# ચાલો, હળવા થઇ હસી નાખીએ!



**ચિત્રસેન શાહ**
**નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઇબી)**

આજની ટેન્શનભરી જિંદગીમાં, બુલેટ ટ્રેઈનની ઝડપે વધતા જતા પેટ્રોલ - ડીઝલના ભાવમાં અને અમદાવાદમાં શહેરીજનોને ધુણાવતા 'ભૂવાઓ'ના સામ્રાજ્યમાં 'બૂરે દિન' ક્યારે જશે તેની રાહ જોવામાં ને જોવામાં બીજું ઇલેક્શન બારણે ટકોરા મારી રહ્યું છે! આવી આફતોને અવસરમાં પલટી નાખવા અત્યારે આપણી પાસે ફક્ત એક જ 'રામબાણ' ઇલાજ છે અને તે છે – 'હાસ્ય!'. તો ચાલો, હવે હળવાશભરી હાસ્યની દુનિયામાં એક લટાર મારીએ એક – ટુરિસ્ટ તરીકે!

ટુરિસ્ટ શબ્દ પરથી ટુરિઝમ અને ડેવલપમેન્ટ ઓફ ટુરિઝમની યાદ આવે છે.

ગુજરાતમાં ટુરિઝમનો કેવો વિકાસ થયો છે અને લોકોની શી અપેક્ષા છે તે માટેનો એક સર્વે કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટેની એક ટીમ જ્યારે ગૃહિણીઓની મુલાકાત લઈ રહી હતી ત્યારે એક મહિલાને જ્યારે પૂછવામાં આવ્યું કે – 'ગુજરાતના યાત્રાધામોના નામ બતાવો અને ટુરિઝમની દૃષ્ટિએ કયા યાત્રાધામોમાં વિકાસની જરૂર છે તે પણ બતાવો.'

તો જવાબ મળ્યો – 'અંબાજી, ડાકોર, પાલિતાણા, તારંગા, દેવભૂમિ દ્વારકા અને ડુંગરપુર!'

સર્વે કરનાર ટીમ આ છેલ્લું નામ સાંભળી ચમકી ગઈ! તેમને થયું કે ડુંગરપુર ક્યાં ગુજરાતમાં છે? વળી રાજસ્થાનમાં પણ ટુરિસ્ટ પ્લેસ તરીકે તો નથી જ! તેથી ટીમે જ્યારે મહિલાને આ અંગે પૂછ્યું તો મહિલાએ વાર્તા માંડી!

'જુઓ સાહેબ, હોળી-દિવાળી વગેરે તહેવારોમાં 'રામાઓ' વતનમાં ચાલ્યા જાય છે અને પંદર-પંદર દિવસ સુધી પાછા નથી આવતા. (કારણકે હવે તો રામાઓ પણ અમદાવાદના રસ્તાઓની જેમ 'ખાડા' નહીં પણ 'ભૂવા' જ પાડે છે!) ત્યારે તેમને લેવા ગૃહિણીઓએ પોતાના પતિદેવ સાથે ડુંગરપુર સુધી લાંબા થવું પડે છે કારણકે મોટાભાગના રામાઓ ડુંગરપુરના જ હોય છે! ત્યારે ડુંગરપુરમાં 'મિનિ ગુજરાત' ઊભું થાય છે! તેથી 'ડુંગરપુર'ને અમે ગુજરાતમાં જ માનીએ છીએ અને તેથી અમારા માટે તો તે તીર્થસ્થાન સમાન જ છે!

તેથી વિકાસ જો કરવો જ હોય તો ડુંગરપુરનો કરો!

કોઇ કોઈ ગૃહિણી તો સ્વગત બબડે પણ છે કે – 'રામા વગરની આપણી તે કાંઈ જિંદગી છે?!' – પતિને જવું હોય તો ભલે જાય, રામો ન જવો જોઈએ!' આમ 'રામો' એ ગૃહિણીઓની 'લાઇફ લાઈન' છે!

એક પતિએ તેની પત્નીના બર્થ-ડે પર જ્યારે તેની પત્નીને પૂછ્યું, 'બર્થડે ગિફ્ટ શું જોઈએ છે?' પ્રેમી પંખીડાના અંદાજમાં વળી કહ્યું પણ ખરું, 'તું કહીશ તો આકાશના તારા પણ તોડી લાવીશ!'

ત્યારે પત્નીએ જવાબ આપ્યો – 'આકાશના તારા મને શું કામના! તે કાંઈ કપડાં ધોઈ આપશે? તેના કરતાં મને એક એવો 'રામો' લાવી આપો કે જે કોઈ દિવસ 'ખાડા' કે ભૂવા(!) ન પાડે!

'મિશન ઇમ્પોસિબલ' કહી પતિદેવે હાથ ધોઈ નાખ્યા!

આજની તારીખે રામાઓની આ કદાચ છેલ્લી બેચ હશે કારણકે હવે તો રામાઓ પણ પોતાના દીકરા દીકરીઓને ઇંગ્લીશ મીડિયમવાળી સ્કૂલમાં ભણવા મોકલે છે! એ લોકો શું ગ્રેજ્યુએટ થઇને 'રામાઓ' તરીકે કામ કરશે? ત્યારે પરિસ્થિતિ અમેરિકા જેવી થશે! રામાઓ કારમાં આવશે અને કલાકના હિસાબે કામના ડોલર કે 'બીટ કોઇન'ના હિસાબે પૈસા માંગશે!

અહીં રામાની રામાયણ પૂરી થાય છે અને હવે આપણે જઈ રહ્યા છીએ 'Whats App' યુગમાં.

Whats App પર વાંચેલી કેટલીક રસપ્રદ વાતો આ રહી! કેટલાકે કદાચ વાંચી પણ હશે પરંતુ જે લોકો એ ગાડી ચૂકી ગયા હોય તેમના માટે અહીં રજૂ કરીએ છીએ.

★ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો ત્યારે પતિએ ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું, 'તારા જેવી તો મને ૫૦ મળે છે!' પત્નીએ હસતા હસતા કહ્યું, 'હજુ મારા જેવી જ જોઈએ છે?!'

★ એક મિત્રે બીજા મિત્રને કપડામાં બટન ટાંકતા જોઈ પૂછ્યું, 'લગ્ન પછી તારા કપડામાં તારે જ બટન ટાંકવા પડે છે?' પહેલાએ જવાબ આપ્યો, 'આ કપડા મારા નથી, મારી પત્નીના છે!'

★ એક ભાઈએ લાઇબ્રેરીમાં જઈ લાઇબ્રેરિયનને પૂછ્યું, 'આપઘાત કરવા અંગેનું પુસ્તક મળશે?' લાઇબ્રેરિયને જવાબ આપ્યો, 'જરૂર મળશે. પરંતુ પછી તે પાછું આપવા કોણ આવશે?!'

**(અનુ. : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

# પ્રતિભાવ

## આર.આર. લાલન કૉલેજના સંસ્મરણીય લેખ સંબંધી પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'માં પ્રસિદ્ધ થતા રસપ્રદ અને ખાસ વિષયની માહિતી અંગેના લેખો દરેક કચ્છી પરિવાર માટે નશાનું કામ કરે છે. ૧૫ ઓગસ્ટના પ્રસિદ્ધ થયેલા અંકમાં શ્રી સૂર્યકાંત ભટ્ટ સાહેબનો 'ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજ' અંગેનો લેખ અદ્‌ભુત રહ્યો. મને એ ૫૦ વર્ષ જૂની યાદોમાં લઈ ગયો. ૧૯૬૭-૬૮ના વર્ષમાં સૂર્યકાંત ભટ્ટ સાહેબ અમારા ઈનોકોમિક્સના પ્રોફેસર હતા. કૉલેજના બીજા વર્ષમાં હું હતો ત્યારે શ્રી ભટ્ટ સાહેબ અમારા ફાઈન આર્ટસ કમિટીના ચેરમેન અને શ્રી સવિતાબેન શાહ ફાઈન આર્ટસ સેક્રેટરી હતા. તે વર્ષમાં ગુજરાત યુનિ. હસ્તકની ૨૪ કૉલેજોનો આંતર કોલેજિય મહોત્સવ પાલનપુર મુકામે યોજાયેલ અને તેમાં લાલન કૉલેજે ભટ્ટ સાહેબની લીડરશિપ નીચે ભાગ લીધેલ અને સમૂહગીતની આઈટમમાં શ્રી નિરંજન ભગતની જ રચના 'રે આજ અષાઢ આયો...' એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બરાબર સાંઈઠ વર્ષ પછી પણ એ જ ગીત આંતર કૉલેજ સ્પર્ધામાં છવાઈ ગયું હતું. મારી જાણ મુજબ, સમૂહ ગીત ગાયક વૃંદમાં અનિલ વોરા, અનિલ ધોળકિયા, મંદા છાયા, નીલાંબરી ગજબ, મંગલા પંડિત, જયકિશન મેઘનાની અને હું પણ ખરો. ખાસ વાત તો એ હતી કે ભટ્ટ સાહેબની નેતાગીરી હેઠળના આ મહોત્સવમાં જનરલ કેટેગરીનું શિલ્ડ પણ લાલન કૉલેજે જ જીત્યું હતું.

'પ્રતિભાવ'ની કોલમમાં, અભ્યાસમાં અમારાથી બે વર્ષ સિનિયર શ્રી તુલસીભાઈ કંસારાએ લખેલ વાતો / પ્રસંગોના ઉલ્લેખમાં એક પ્રસંગ અંગે જણાવું કે, "થોભો, અહીં ખૂન થયેલ છે" રહસ્યમય નાટક સ્વ. શ્રી પુરુષોત્તમ એલ. પુરોહિતે લખેલ અને દિગ્દર્શન સ્વ. શ્રી રાયસિંહજી રાઠોડે કરેલ હતું. આ બંને મારા ખૂબ જ અંગત મિત્રો હતા.

*ચંદુ વોરા*
*'ચંદ્રકિરણ', કાનન ફ્લેટ્સની સામે,*
*આત્મ જ્યોતિ આશ્રમ પાછળ, ઇલોરા પાર્ક, વડોદરા*

★

## 'કચ્છશ્રુતિ' માસ ઓગસ્ટ-૨૦૧૮ માટે પ્રતિભાવ

ભુજની લાલન કૉલેજ અંગેની લેખમાળાના ૨ મણકા વાંચીને આનંદ થયો. વધારે આનંદ તો એટલા માટે કે હું પણ એ જ કૉલેજનો ભૂતપૂર્વ વિદ્યાર્થી છું. (૧૯૫૭-૫૮ અને ૧૯૫૮-૫૯) અને જેની સાથે (વસ્તુ કે વ્યક્તિ) આપણે ભૂતકાળમાં જોડાયેલા હોઈએ તે વાંચવી કે જોવી સ્વાભાવિકપણે જ ગમે. દા.ત. ૧૯૫૭-૫૮ની કૉલેજની વિદ્યાર્થી કાર્યવાહક સમિતિનો ફોટો 'કચ્છશ્રુતિ'ના માસ ઓગસ્ટના અંકમાં જોઈ વિશેષ આનંદ થયો. તે સમિતિમાં હું પણ હતો. ૬૦ વર્ષ પહેલાનો ફોટો જોઈ કોને આનંદ ન થાય?! (વળી સ્પષ્ટ ફોટોગ્રાફ માટે કચ્છશ્રુતિના તંત્રી મંડળની ચોક્સાઈ પણ દેખાઈ આવે છે.) મારી જેમ જ ફોટોગ્રાફની બધી જ વ્યક્તિઓ માટે એ Rare ફોટોગ્રાફ બની રહે!

આ લેખમાળા વાંચીને ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસર્સ વગેરેની પણ ઘણી જૂની યાદો તાજી થાય અને ત્યારે આ બધું Flash Back જેવું લાગે! (ચાલો 'રીવર્સ જઈએ!' – જઈએ નહીં પણ ગયા હોઈએ તેવું પણ લાગે!)

લેખમાળા બદલ શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ તેમજ 'કચ્છશ્રુતિ'ના તંત્રીમંડળને અભિનંદન.

'કચ્છશ્રુતિ'ના ઓગસ્ટના અંકમાં સ્વ. શાંતિલાલભાઈ સંઘવીને યોગ્ય શબ્દોમાં જ શ્રદ્ધાંજલિ અપાઈ છે. તેમની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ વિશે પણ જાણવા મળે છે.

આ લખનારને પણ તેમના વૈજ્ઞાનિક અભિગમ સાથેના અભ્યાસપૂર્ણ અને રસપ્રદ લેખો વાંચવા હંમેશાં આકર્ષણ રહેતું.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એ જ અભ્યર્થના.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

★

## કચ્છશ્રુતિ પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો માસ જુલાઈ-૨૦૧૮નો અંક મળેલ છે. આભાર. અગર આપ કચ્છને ચાહો છો તો 'કચ્છશ્રુતિ'ના દરેક અંકો વાંચવા જોઈએ. કચ્છશ્રુતિનું કોઈપણ પાનું વાંચવાનું રહી જાય તો વાચક વર્ગને મોટું નુકસાન થાય તેવા સુંદર લેખો, સંશોધન પત્રો, માહિતીપ્રદ ભૂતકાળની ઘટનાઓનું આલેખન ખૂબ સુંદર રીતે થયું છે. શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ, ભરતભાઈ ઠાકર, ડૉ. મિહિર વોરા, નરેશ અંતાણી, વી.જે. ઠાકર, હંસરાજભાઈ કંસારાના લેખો અને રજૂઆત ખૂબ સુંદર છે. અન્ય લેખો, કાવ્યો, વિવિધતાની વિગતો રજૂ કરીને સાબિત કર્યું છે કે 'કચ્છશ્રુતિ' દરેકે વાંચવું જોઈએ.

'કચ્છશ્રુતિ' પરિવારના તંત્રીશ્રીએ સૌને એક બનવાની વાત લખી છે તે યોગ્ય જ છે. જ્ઞાતિના વિવિધ ઘટકો ગાંધીનગર - અમદાવાદમાં એક થાય તો દરેક રીતે સારું થાય. કચ્છમાં પણ આ ચળવળ ચલાવવા જેવી છે. કચ્છમાં પણ એક, બે જ્ઞાતિ ઘટકો વિવાદિત પ્રવૃત્તિઓ કરીને કચ્છને નુકસાન પહોંચાડે છે. કચ્છમાં પણ ઘટક સમાજો એક થઈને કામ કરે તે જરૂરી છે.

*ચંદ્રવદન મહેતા - ભુજ*

## 'કચ્છશ્રુતિ' – મનમોહક મુખપૃષ્ઠ

કચ્છ અને કચ્છીયત દર્શાવતું 'કચ્છશ્રુતિ' માસ જુલાઈ-૨૦૧૮ના અંકનું મુખપૃષ્ઠ મનમોહક રહ્યું. શ્રી વી.જે. ઠાકર દ્વારા લેખિત લેખ 'કચ્છીઓની અસ્મિતા' તેમજ ડૉ. મિહિર વોરા સાહેબનો 'કચ્છી બોલી' વિશેનો લેખ એમ બંને લેખો ખૂબ ગમ્યા. કચ્છશ્રુતિના પ્રતિમાસના અંકો માટે ઇન્તેજાર રહે છે. દરેક અંકો સુંદર અને ઉપયોગી વાંચનયુક્ત સામગ્રીઓ તેમાં હોય છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા 'કચ્છશ્રુતિ'ની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

*પ્રભુલાલ આર. સિધ્ધપુરા*
*'પરાત્મન' સર્વોદય સોસાયટી, પ્લોટ નં.-૫૦૪,*
*સેક્ટર-૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*

★

## 'કચ્છશ્રુતિ'ના સુંદર અને માહિતીસભર અંકો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નો માસ ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં છપાયેલ અને પીરસાયેલ સામગ્રી અંગે મારા પ્રતિભાવ નીચે પ્રમાણે જણાવું છું :

- આ અંકમાં આંકડાકીય સામગ્રી પીરસી શ્રી અશોકભાઈ મહેતાનો આર્ટિકલ 'નર્મદાના નદીના વધારાના પાણીના પ્રશ્ને કચ્છને અન્યાયનો સિલસિલો જારી' – એ લેખ ખરેખર તેના અભ્યાસુ અને વાચકવર્ગ માટે અગત્યનો છે. એ માટે ખૂબ ખૂબ અભિનંદન.
- જ્યારે 'વાંસ : માનવીને કુદરતની અમૂલ્ય ભેટ' – એ આર્ટિકલ આર્કિટેક્ટ શ્રી પાર્થ ઠક્કર દ્વારા લેખિત ખૂબ અભ્યાસપૂર્ણ અને માહિતીસભર છે. તેમને પણ અભિનંદન.
- ભુજ સ્થિત 'શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – ૨' પણ ખૂબ જ અભ્યાસપૂર્ણ અને રસપ્રદ લેખ છે. આ લખનાર પણ લાલન કૉલેજના એક વખતના વિદ્યાર્થી હતા. ત્યારે પ્રસંગોપાત અમારી પ્રવૃત્તિઓ પણ પ્રશંસાને પાત્ર રહેતી હતી. સને ૧૯૬૨નું લાલન કૉલેજનો વાર્ષિક અંક 'ઓજસ' જેમાં આ લખનાર મેગેઝિન સેક્રેટરી હતા. એ રંગીન પાનાનો પહેલવહેલો અંક અમોએ સૌપ્રથમ વિદ્યાર્થીઓના હાથમાં મૂક્યો હતો. લાલન કૉલેજ સંબંધી ઉપરોક્ત લેખ માટે શ્રી ભટ્ટને અભિનંદન.

'કચ્છશ્રુતિ'ના એકંદરે બહુ જ સુંદર અને માહિતીસભર અંકો આપવા માટે આપ સર્વેને પણ એટલા જ અભિનંદન.

*ધનજી ભાનુશાલી, એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

## નવા વર્ષનો સંકલ્પ – ચાલો, વધાવીએ

'કચ્છી બોલી'નું ભાષા વિજ્ઞાનના ધોરણે સંશોધન થાય એ માટેની અનિવાર્યતા જરૂરિયાત અંગે ડૉ. મિહિર વોરાનો લેખ 'કચ્છશ્રુતિ'ના જુલાઈ ૨૦૧૮ના અંકમાં લેવાયેલો છે. આ લેખના અનુસંધાને કચ્છીના નવા વર્ષના આરંભે તે માટે કાર્યરત થવા માટે 'સંકલ્પ' કરી કટીબધ્ધ થઈએ.

વર્ષ ૨૦૦૧થી 'કચ્છી બોલી'ના સંશોધન માટે કાર્યરત છું. આટલા લાંબા સમયના અનુભવે એટલું ચોક્કસ કહી શકાય કે આ ભગીરથ કાર્ય માટે 'કચ્છી પ્રેમીઓ', શૈક્ષણિક સંસ્થાઓ, કચ્છ યુનિવર્સિટી, કચ્છી સાહિત્ય અકાદમી અને કચ્છી દાતાઓ સંશોધન કાર્ય માટે જાજો ઉમંગ દાખવતા નથી. કચ્છી બોલી અંગે છેલ્લા એંસી વર્ષમાં આંગળીના વેઢે ગણાવી શકાય એટલા અલ્પ પ્રમાણમાં વૈજ્ઞાનિક ધોરણે સંશોધન થયા છે. જેમાં ડૉ. શાંતિભાઈ આચાર્ય, ડૉ. સતીષભાઈ રહોડા, ડૉ. છાયા, ડૉ. વ્યાસ અને શ્રી મણિલાલ ગાલાના જ નામ રજિસ્ટર થયા છે. આમ છતાં, આ સંશોધનકર્તા પૈકીના કોઈપણ સંશોધનકારને 'કચ્છી બોલી'ના સંશોધન માટે પુરસ્કૃત કે સન્માનિત કરવામાં આવેલ નથી. એટલું જ નહીં, આ સંશોધનથી કચ્છ યુનિવર્સિટી પણ પરીચિત નથી. કચ્છી બોલીના સંવર્ધન હેઠળ મોટુંમસ બજેટ યુનિવર્સિટી પાસે હોવા છતાં આવા કાર્ય પરત્વે ઉપેક્ષા - સૂગ સેવે છે. હા, માત્ર કચ્છી બોલીના ગુણગાન ઘણા ગવાય છે.

'કચ્છી બોલી'ના સંશોધન થાય અને તેનાથી માત્ર ભાષાની સમૃધ્ધિનો પરિચય કરવો એટલું જ અપેક્ષિત નથી, પણ 'કચ્છી'ના સંશોધનના પરિણામે કચ્છી બોલીને પ્રાચીનતમ અને સમૃધ્ધ બોલી હોવાના પુરાવાને આધારે 'કચ્છી'ને ભારતના બંધારણમાં વૈકલ્પિક ભાષાની જોગવાઈ હેઠળ 'અન્ય ભાષા' તરીકે પ્રસ્થાપિત થાય તે માટે પણ ભાષાનું સંશોધન થવું અનિવાર્ય ગણાય.

'અભિયાન'માં સુશ્રી સૂચિતાબેને પણ એક લેખ લખેલ હતો. આના અનુસંધાને ટેલીફોન પર વાત, વિમર્શ થયેલ. જૂના લેખોની માહિતીના આધારે લેખો કરવા કેટલીકવાર નુકસાનકારક, ખોટી માહિતીનું વહન કરતાં સાબિત થાય છે.

'કચ્છશ્રુતિ' લેખોને સામાન્ય રીતે પુનઃ પ્રકાશિત કરતા નથી. આમ છતાં જૂના લેખનો ઉપસંહાર - સંશોધનની અનિવાર્યતાને પુષ્ટિ કરવા માટે તંત્રીશ્રીએ પ્રગટ કરેલ લેખ માટે અભિનંદન અને આવકાર્ય.

*મહેન્દ્ર સાકરચંદ દોશી*
*એફ/૧, સનપાવર ફ્લેટ્સ, ગુરુકુળ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૨. મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*

*સફળતા હંમેશાં સારા વિચારોથી આવે છે અને સારા વિચારો હંમેશાં સારા માણસોના સંપર્કમાં રહેવાથી આવે છે.*

# અન્ય સંસ્થા સમાચાર

## ગીતાબેન રાંભિયાની શહીદી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી




અબોલજીવોને કાજે પોતાના પ્રાણનું બલિદાન આપનારી ભારતની પ્રથમ મહિલા ગીતાબેન રાંભિયાની શહીદીને ૨૫ વર્ષ થતા તેમના શહીદ દિને ગુજરાત રાજ્ય સરકારના ગૌસેવા આયોગ દ્વારા "ગૌરક્ષક"નો ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ વીરાંગનાને શહીદ દિને તા. ૨૭-૮-૨૦૧૮ના રોજ સ્થાનિક સાર્વજનિક સંસ્થાઓના હોદ્દેદારો, રાજકીય અગ્રણીઓ તથા બહોળીસંખ્યામાં ગૌભક્ત લોકોની ઉપસ્થિતિમાં અમદાવાદમાં અહિંસાચોક, આંબાવાડી ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી એમ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

## વૃક્ષો વાવો – ધરતી બચાવો

પર્યાવરણ કમિટી, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વૃક્ષો વાવો ધરતી બચાવો અભિયાન અંતર્ગત ગોતા અમદાવાદ ખાતે ફ્લાવર પ્લાન્ટેશનનો એક નવતર પ્રોગ્રામ રાકવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં પર્યાવરણ કમિટીના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી સહિત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં પર્યાવરણપ્રેમી લોકો ઉપસ્થિત હતા.

પર્યાવરણ કમિટી દ્વારા સોસાયટીને ૮૦ ફ્લાવર અને ૨૦ તુલસીના છોડ ભેટ આપવામાં આવ્યા હતા. તેનું પ્લાન્ટેશન વિવિધ સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું એમ શ્રી લોહાણા મહાપરિષદની એક યાદીમાં જણાવાયું છે.

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ તરફથી ભારતના રમતવીરોનું થનારું સન્માન

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજે વર્ષ ૧૯૯૦, ૧૯૯૪ અને ૨૦૦૪માં નામાંકિત સિદ્ધિપ્રાપ્ત ગુજરાતી રમતવીરો અને યશસ્વી ગુજરાતી પુત્રીઓનું પેસ્ટ સ્પોર્ટસ ઍવોર્ડ આપી સન્માન કર્યું હતું. આ વર્ષે દિવાળી પછી વર્ષ ૨૦૧૮માં સન્માન કરવાનું નક્કી કરેલ છે. આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય સ્તરે જે રમતવીરો કે પુત્રીઓએ સિદ્ધિ મેળવી હોય અને સિદ્ધિ પ્રાપ્ત વિકલાંગ (દિવ્યાંગ) રમતવીરોએ પોતાના નામ-સરનામા-પરિચય, રમતનું નામ, ફોટોગ્રાફ, ફોન નંબર, ઈ-મેઈલ વગેરે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધીમાં હેમરાજ શાહ, પ્રમુખ - બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ, C/o. રેખા પ્રકાશન, ૪૧, કરેલ વાડી, ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨ પર કુરિયરથી મોકલી આપવા વિનંતી અથવા hemrajvshah@gmail.com પર ઈ-મેઈલ કરો એમ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજની એક અખબારી યાદીમાં જણાવાયું છે. ■

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૩)

(અનુ. : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)

ભજવે છે. શરીરને દરરોજ શારીરિક ક્રિયાઓથી ઘસારો લાગે છે. શરીરને સ્વસ્થ રાખવા આપણે સારી ઊંઘ સાથે, રોજબરોજ કસરત કરીએ છીએ. કસરત એ શ્રમ છે આથી શરીરને થાક લાગે છે, દુ:ખાવો થાય છે. આને દૂર કરવા એન્ડોરફીન નામનું રસાયણ મગજમાંથી ઝરે છે. જેથી શરીરને થાક કે દુ:ખાવાને બદલે આનંદની અનુભૂતિ થાય છે. એટલે જ નિયમિત કસરત કરતા લોકો કસરત કરવાનું ચૂકે છે તે દિવસે તેમને મજા નથી આવતી. જેનું કારણ છે એન્ડોરફીનનું ઘટેલું પ્રમાણ. અલબત્ત, આ આનંદ ક્ષણિક હોય છે કે થોડા કલાકો સુધી જ રહે છે. પણ મનને એ ગમે છે. એક રીતે જોઈએ તો આ ચારેય રસાયણોને આપણી લાગણીઓ કે ભાવનાઓ સાથે સંબંધ છે અને જેને આપણે 'મન' કહીએ છીએ, કે આજે મને કંઈ કરવાનું મન નથી થતું અથવા તો કંઈક કરવાનું મન થાય છે તેનું મૂળ મગજમાં પેદા થતા આ ચાર રસાયણોના પ્રમાણ સાથે સંકળાયેલ છે. આ રસાયણોના ગુજરાતી નામો મળેલ ન હોવાથી તેની માત્ર સમજ આપેલ છે.

- **હેલ્થ ફર્સ્ટ :**
  **सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया,**
  **सर्वे भद्राणि मा कश्चिद् दुख भागभवेत ।**

# શબ્દ શોધ : ૭૬

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ૯ | | |
| | ■ | | ■ | ૧૦ | | | ■ | |
| | ■ | ૧૧ | ૧૨ | ■ | ■ | ૧૩ | ૧૪ | ■ |
| ૧૫ | ૧૬ | ■ | | ■ | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | ૨૦ | | | | ■ | ■ | |
| | ■ | | ■ | ■ | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | ■ | ૨૫ | | | | ■ | |
| ■ | ૨૬ | | | ■ | | ■ | ૨૭ | |

## આડી ચાવીઓ

૧. પ્રાચીનયુગના મુનિ યાજ્ઞવલ્કય (૫)
૫. જરૂરિયાત, ખપત (૨)
૭. અજ, પરમાત્મા, જેને જન્મ નથી તેવું (૩)
૮. તમતમવાની સ્થિતિ (૫)
૧૦. ક્રિકેટમાં બેટ્સમેનને ખાસ સંજોગોમાં મળતો સાથી (૩)
૧૧. એક રાશિ (૨)
૧૩. નાગર જ્ઞાતિની એક અટક (૨)
૧૫. કેવું ખાશો? સાદું કે મસાલાવાળું? (૨)
૧૭. વિઘ્ન, વચકો, અડચણ (૪)
૧૯. લેવા આપવાનો વ્યવહાર (૬)
૨૧. વાયુનો રોગ દૂર કરનાર (૪)
૨૩. અથાણાં શાક વગેરેમાંનો પ્રવાહી ઘાટો કે પાતળો સ્વાદિષ્ટ રસ (૨)
૨૫. ઈંડા જેવી આકૃતિ (૪)
૨૬. ચંદ્રમા (૩)
૨૭. દરેક વ્યક્તિની ઓળખ માટે શું હોય છે? (૨)

## ઊભી ચાવીઓ

૧. થાકી ગયેલું, હારી ગયેલું (૨)
૨. નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલકી (૪)
૩. પાણીમાં થતો એક જાતનો વેલો જેની સોટી ચકાચક હોય (૩)
૪. કલ્યાણ રાગનો એક પ્રકાર (૩)
૫. પપ્પાના સાળા (૨)
૬. ગંદુ પાણી અહીં જાય (૩)
૭. 'ગોલમાલ હૈ ભઈ સબ ગોલમાલ હૈ...' આ ગીત જે ફિલ્મનું છે તેનો એક અભિનેતા (૭)
૯. એક મોટું મીઠું ફળ (૪)
૧૨. "નમામિ દેવી ______ " (૩)
૧૪. જાસુસ (૨)
૧૬. અહીં ઊંધેથી જંગલ મળશે (૨)
૧૭. વડ વગેરે વૃક્ષોની ડાળીઓ પર ઊંધું લટકતું એક રાત્રિ - ચર પક્ષી (૫)
૧૮. શિલ્પ, કોતરણી (૫)
૨૦. અહીં ઊંધેથી એક ક્લાસીકલ ગુજરાતી ફિલ્મ મળશે (૨)
૨૨. તળિયું (૨)
૨૪. સપ્તાહનો પ્રથમ દિવસ (૨)
૨૫. કેડનો વળાંક, પૈસાદાર (૨)

## શબ્દશોધ : ૭૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | રા | જા | ■ | મ | ■ | રા | ત | ■ |
| હ | જ | મ | ■ | હા | ■ | ખ | સ | મ |
| ■ | કો | ■ | સ્મ | સા | ન | ■ | વી | ■ |
| ક | ટ | ક | ■ | ગ | ■ | ગ | ર | જ |
| થ | ■ | મ | ક | ર | ધ્વ | જ | ■ | લ |
| ન | ત | ■ | સ | ■ | ફ | ■ | મં | દ |
| ■ | પ | ગા | ર | ■ | ન | મા | જ | ■ |
| વિ | ન | ય | ■ | દ | ■ | હે | લ | ન |
| વા | ■ | ક | રિ | યા | વ | ર | ■ | ક |

## શબ્દ શોધ : ૭૪ / ૭૫ નો ઉકેલ મોકલાવનારના નામ

- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- કવન કેતન રાણા - અમદાવાદ
- નીલેશ વી. શાહ - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- પીયુષ કે. ગાંધી - માંડવી
- વિભાબેન જીતેન્દ્ર ઠક્કર - મુંદ્રા
- રમીલા જે. ગોર - ભુજ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- અભય સી. મહેતા - મુંદ્રા
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- સુવાસ ડી. ગોર - ભુજ

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ
# મેરા નામ જોકર – તંબોલા ગેમ



ભાવના એ. ઝવેરી

આપેલ જોકરના ચિત્રની ઝેરોક્ષ કરાવી રમનાર બધાને તેની પ્રિન્ટ અને પેન આપો.

રમનારે તે ચિત્રમાં આપેલ દરેક રાઉન્ડમાં ૧ થી ૯૦ નંબરમાંથી મનગમતા અંક તેમાં લખવાના રહેશે. આ થઈ ગઈ તમારી 'જોકર તંબોલા' ટિકિટ.

રમાડનારે હાઉસીનું બોર્ડ અને નંબર લઈને આ ગેમ રમાડવી. જેમ આપણે હાઉસી રમીએ છીએ તેમજ નંબર કાઢતા જવાના અને રમનારને તે નંબર આવે તો ચિત્રમાં રાઈટ (✓) કરતા જવાનું.

ગેમમાં જીતનાર બધાને ઈનામ આપવા... આ ગેમ છેલ્લે સુધી રમવાની મજા આવશે.

તો ચાલો "જોકર" બનવા માટે થઈ જાવ તૈયાર...

ગેમનો ટ્વીસ્ટ : જવાબ કેમ આપવાના....

જોકરના ચિત્રમાં અલગ અલગ પાર્ટ પ્રમાણે રાઉન્ડ થતા જાય... તે પ્રમાણે જવાબ આપવાના...

જોકરના હાથમાં છડી છે. તેમાં ત્રણ રાઉન્ડ આપેલા છે. તેના નંબર થઈ જાય તો એમ કહેવું કે...

★ જોકરને જાદુકી છડી ઘુમાઇ (હાથ-છડીના રાઉન્ડ)
★ જોકર કા નાક લાલ હો ગયા (નાકનું રાઉન્ડ)
★ જોકરને અપની ટોપી હીલાઈ (ટોપીના રાઉન્ડ)
★ જોકર દોડતા હુઆ આયા (બંને પગના રાઉન્ડ)



★ જોકર કે બલૂન ઉડતે હૈ (બલૂનના રાઉન્ડ)
★ જોકર ડાન્સ કરતા હૈ (ડ્રેસમાં આપેલ રાઉન્ડ)
★ જોકર સબકો હસાતા ઔર મસ્તી કરતા હૈ (હોઠમાં આપેલ રાઉન્ડ)

જેના જોકરના બધા જ રાઉન્ડ થઈ જાય તે એમ બોલશે કે.... (૧) મૈં જોકર બન ગયા (૨) મૈં જૌકર હું (૩) કહેતા હૈ જોકર... સારા જમાના...

## ચાલો, હળવા થઇ હસી નાખીએ!

(અનુ. : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

★ એક જ દિવસમાં એક પ્રેમીને બે વાર હાર્ટ એટેક આવેલા! પહેલો ત્યારે કે જ્યારે તેની પ્રેમિકાએ મેસેજ મોકલાવેલો કે – 'હવે આપણે છુટા પડીએ છીએ!' અને બીજો ત્યારે કે જ્યારે તેને બીજો મેસેજ મળ્યો – 'આગલા દિવસે કરેલ મેસેજ તારા માટે નો'તો!'

સમજી ગયાને?! કારણકે ઘણીવાર જોક બીજા દિવસે સમજાતી હોય છે!

★ એક મિત્રે બીજા મિત્રને પૂછ્યું, 'રવિવારના ફંકશનમાં આવવું છે ને? પત્નીને પૂછીને જણાવજો.'

બીજા મિત્રે કહ્યું, 'એમાં પત્નીને શું પૂછવાનું! હું જાતે જ નક્કી કરીને જણાવીશ!'

હવે આ જ પ્રશ્ન તેની પત્નીને તેની બહેનપણીએ પૂછ્યો ત્યારે પત્નીએ કહ્યું – 'આ માટે તો મારે તેમને પૂછવું પડે!'

આમ પતિ-પત્ની બંને ખોટું બોલ્યા હતા!

આ 'જોક' સાંભળી કેટલાક તાત્કાલિક હસ્યા – બાકીના બીજા દિવસે હસ્યા અને કેટલાક વળી 'કુંભકર્ણ' જેવા હશે જે જોક સાંભળતા સાંભળતા જ ઊંઘી ગયા હશે તે જાગ્યા પછી હસસે!

તો ચાલો, હળવા થઈ ગયા હોઈએ તો હસી નાખીએ!

*ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

## આ શું કર્યું મેં?

ઊંઘ્યો, જાગ્યો ને વળી મિથ્યા વાતો જ કરી,
કર્યું કામ થોડુંક જ ને દિવસ આમ પૂરો કર્યો છે.

રોજિંદી એ રફતારે દિવસો સહુ ટૂંકા જ છે કર્યા,
આવક અકર્મણ્યે કરીને, મહિનો ય પૂરો કર્યો છે.

ગણતરીઓ એલટીસી, બોનસ ને વળી ભથ્થાની,
અસંગઠિતોની હાંસી ઉડાવીને વર્ષે ય પૂરું કર્યું છે.

પામ્યા ઘણું ને વળી પામવાની અતિ ખ્વાહિશ રહી,
સ્વાર્થી બનીને આ જીવનને 'આરસી'એ ખતમ કર્યું છે.

જોયું મોતને આંબતું ને ત્યાં મોતિયા જ મરી ગયા,
કાંઈ જ નહીં કરીને મેં આ તે વળી શું કર્યું છે?

## ઉદરાગ્નિ

આ જાત શું? આ નાત શું?
આ ધર્મ ને આ સંપ્રદાય શું?
આ દેશ ને વળી આ દાઝ શું?
ઉદરાગ્નિએ મિથ્યા ન વાત શું?

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : ૨૭૪૩૮૧૬૩*

## તેરે તન મેં રામ... મન મેં રામ...

તેરે તન મેં રામ મન મેં રામ રોમ રોમ હનુમાન રે...
સત્ય બોલ ઔર જુઠ છોડ, બનજા સચ્ચા ઈન્સાન રે...
જય... જય... રામ

જગ કી માયા હૈ, નિત્ય નિરાલી, મોહ માયા કી પ્યાલી,
પીકર તું પછતાયેગા બંદે, નાતા જોડ શ્રી રામસે...
જય...જય.. રામ

કલિયુગકી યે માયા તુજકો, રાત દિન તડપાયેગી,
બેઈમાન જો લોગ હૈ ઉનકી, પીડા તુજે સતાયેગી
નાતા તોડ તું જુઠે - જગસે, મુક્તિ તુજે મિલ જાયેગી...
જય...જય.. રામ

જો આયા હૈ જગમેં ઉનકો, એક દિન તો જાને કા હૈ...
મૌત સે ક્યું ડરતા હૈ બંદે, તુજે ભી એક દિન જાના હૈ...
જય...જય.. રામ

*ચંદ્રવદન જી. મહેતા 'સારસ'*
*૮૯, 'શબ્દલોક', સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦, ૯૯૭૯૭ ૧૫૨૧૭*

## માણસ

છે સારો કે ખરાબ, ઓળખાયો માણસ!
જાત અનુભવે, વરત પરખાયો માણસ!

જાહેરમાં ને અંગત, બહુ ચર્ચાયો માણસ!
ક્યાંક વગોવાયો અને ક્યાંક વખણાયો માણસ!

સુખમાં ને દુઃખમાં એવો અટવાયો માણસ!
મોહ માયાના ચક્કરમાં ફસાયો માણસ!

સમય સમય પર, બદલાયો માણસ!
નવા જમાનાના રંગમાં, રંગાયો માણસ!

લાગણીના સંબંધથી સંધાયો માણસ!
ને 'પ્રેમ'ના બંધનમાં બંધાયો માણસ!

*મુરજી ચાવડા 'પ્રેમ'*
*મકાન નં.-૧૪, ગણેશ નગર, સેક્ટર-૬, ગાંધીધામ, કચ્છ.*
*મો. ૯૯૦૪૮ ૬૪૫૬૭*

## ત્રિપદી

*એક લાંબી સફર છે આ જિંદગી*
*ક્યાંક તો થંભી જશે આ મંઝીલો*
*આખરે તો કબર છે આ જિંદગી.*

*રજનીકાંત ઓઝા - ભુજ*
*મો. ૬૪૨૮૮ ૬૫૮૭૦*

## વાત કર! (ગઝલ)

ઢાંકવાને દેહનાં આવરણની વાત કર,
ઠારવાને ભૂખ ઝુઝે, ચરણની વાત કર.

રણઝણતા સોનમૃગ દોડતા તપોવને
રામથી તો સીતા તણા હરણની વાત કર.

શ્વાસનો પીંખાય માળો ધસમસ ઝંઝાનીલે,
ચીસ ચીખતી ચકલીના મરણની વાત કર.

આડું નસીબને તો પાંદડાનું મળે બહાનું,
એક નદીનું થયું બસ રણની વાત કર.

રોજનો સૂરજ પછી તો આથમી, ઊગી જશે,
'ચંદ્ર'થી અમાસના ગ્રહણની વાત કર.

*રમેશ'ચંદ્ર' જી. વૈદ્ય*
*નાગર ચકલા, ભુજ, કચ્છ.*
*મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬*

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૩-૮-૨૦૧૮**

દમયંતીબેન મગનલાલ મોતીચંદ સંઘવી (ઉં.વ. ૮૪) (અમદાવાદ - મુંદ્રા)નું સોમવાર, તા. ૩-૮-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

ચક્ષુદાન કરેલ છે. દેહદાન કરેલ છે.

- **ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૮**

રમેશચંદ્ર ઉમરશી સાવલા (અમદાવાદ, કચ્છ - વાંકી)નું ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.


સદ્‌ગતશ્રીએ ચક્ષુદાન કર્યું છે.

***સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તેની વિદ્યાર્થી દત્તક યોજના વર્ષ ૨૦૧૮થી શરૂ કરી દીધેલ છે.

આ યોજના અનુસાર ચાલુ વર્ષે જે વિદ્યાર્થી ધોરણ-૧૦મા માં આવેલ હોય તેને અભ્યાસના ધોરણ ૧૦, ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ – એમ ૩ વર્ષ લગી તેના અભ્યાસમાં આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુથી દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-નો ચેક લોન સ્વરૂપે આપવામાં આવશે કે જે વિદ્યાર્થી તેના અભ્યાસક્રમ પૂરો થયે અને આર્થિક ઉપાર્જનની શરૂઆત કરે ત્યારબાદ પરત કરવાના રહેશે.



*ચિ. દેવાંશીના પિતાશ્રીને વિદ્યાર્થી દત્તક યોજનાનો ચેક અર્પણ કરતા સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા*



*ચિ. પંકિનીના માતુશ્રીને વિદ્યાર્થી દત્તક યોજનાનો ચેક અર્પણ કરતા સમાજના સહમંત્રી શ્રી દિનેશભાઈ મહેતા*



*ચિ. હેમાંગીના માતુશ્રીને વિદ્યાર્થી દત્તક યોજનાનો ચેક અર્પણ કરતા સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા*

આ યોજના અંતર્ગત ચાલુ વર્ષે ૩ વિદ્યાર્થીઓને ચેક અર્પણ કરવામાં આવેલ છે કે જેના સૌજન્ય : ***(૧) શ્રી મેઘજીભાઈ કુંવરજી ખેતાણી - પટેલ ટુર્સ, (૨) મે. દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ - અમદાવાદ અને (૩) કુ. બીનાબેન બાબુભાઈ સાવલા - મુંબઈ*** તરફથી સાંપડેલ છે.

ઉપરોક્ત ત્રણે દાતાશ્રીઓનો આ સમાજ આભાર માને છે.

દરેક વિદ્યાર્થીનું ભાવિ ઉજ્જવળ બને તેવી અપેક્ષા સેવવામાં આવે છે.

**માનદ્‌ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિની પ્રથમ મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિની પ્રથમ મીટિંગ શનિવાર, તા. ૮-૯-૨૦૧૮ના સાંજના ૫ વાગે સમાજની ઓફિસ પર મળેલ ત્યારે તેમાં નીચેના સભ્યો અને આમંત્રિતો ઉપસ્થિત રહેલ હતા.

(૧) શ્રી ભરતભાઈ ઓઝા, (૨) શ્રી દક્ષેશભાઈ સંઘવી, (૩) શ્રી નરેન્દ્રભાઈ મહેતા, (૪) શ્રી સિદ્ધાર્થભાઈ શાહ, (૫) શ્રી દિનેશ આર. મહેતા, (૬) શ્રી સુરેશભાઈ લીંબાણી, (૭) શ્રી સુનિલભાઈ ભાવાણી, (૮) શ્રી વિજયભાઈ ઠક્કર, (૯) શ્રી ચેતનભાઈ પીત્રોડા, (૧૦) શ્રી અતુલભાઈ વાઘેલા, (૧૧) શ્રી આનંદભાઈ પટેલ, (૧૨) શ્રી અશોક મહેતા, (૧૩) શ્રી સંજયભાઈ રાઠોડ.

આ મીટિંગમાં નીચે મુજબના આયોજનો વિચારવામાં આવેલ હતા :

૧. અમદાવાદની આજુબાજુમાં કોઈ યોગ્ય ગ્રાઉન્ડ નક્કી કરવું.
૨. ટેનિસ બોલની ટુર્નામેન્ટ રમાડવી.
૩. ૧૨થી ૧૬ ઓવરની દરેક મેચ નક્કી કરવામાં આવશે.
૪. વધુમાં વધુ ૨૪ ટીમોને રમાડી શકાશે.
૫. નોકઆઉટ પદ્ધતિથી મેચ રમાડાશે.
૬. ટોટલ ૫ થી ૬ દિવસના સમયમાં આ ટુર્નામેન્ટ યોજવામાં આવશે.
૭. વહેલા તે પહેલાના ધોરણે ટીમનું બુકિંગ કરવું.
૮. ટીમની રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવશે.
૯. મેચ રજિસ્ટ્રેશન માટે જરૂરી ફોર્મ શ્રી ભરતભાઈ ઓઝા અથવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસેથી મળી શકશે.
૧૦. આ મેચો ડિસેમ્બર-૨૦૧૮ અને જાન્યુઆરી-૨૦૧૯ દરમ્યાન રમાડવામાં આવશે.
૧૧. વિગતવાર સ્પોન્સરશિપની વિગત હવે પછી નક્કી કરવામાં આવશે.
૧૨. શક્ય હશે તો દર અઠવાડિયાના શુક્રવાર / શનિવાર અથવા તો સળંગ ૫ દિવસ રમાડવામાં આવશે.
૧૩. મેચ દરમ્યાન જાહેરાતના વિવિધ બેનર્સ રાખવામાં આવશે.

**ભરત ઓઝા**
**કન્વીનર, ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

### જુલાઈ / ઓગસ્ટ / સપ્ટેમ્બર – ૨૦૧૮

★ **બુધવાર, તા. ૨૫-૭-૨૦૧૮**

● મા વાત્સલ્ય યોજનાના વાસણાના ઑફિસર શ્રી જોયસ પરમાર આજે સમાજની ઑફિસ પર આવેલ હતા. શ્રી નિખિલભાઈ કે. મહેતા તેમને લાવેલ હતા. તેમની પાસેથી યોજનાની વિગતો સમજી લીધેલ હતી. મા વાત્સલ્ય યોજનાના કાર્ડ કઢાવવા માટે આવકનો દાખલો, રાશન કાર્ડ તથા કુટુંબના બધા જ સભ્યોના આધાર કાર્ડ હોવા જરૂરી છે.

★ **ગુરુવાર, તા. ૨૬-૭-૨૦૧૮**

● શ્રી કચ્છી સમાજ - અમદાવાદની મા વાત્સલ્ય યોજનાના કાર્ડ કઢાવી આપવા કરેલ પહેલના અનુસંધાને

અમદાવાદ - ગાંધીનગર સ્થિત બધા જ કચ્છી ઘટક સમાજોના પ્રમુખોને તે અંગેની જાણ કરતા પત્રો લખ્યા.

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી માટે દરેકને પત્ર લખવાના શરૂ કર્યા.

★ **શનિવાર, તા. ૨૮-૭-૨૦૧૮**

- શ્રી અતુલભાઈ સોની તથા એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહે સમાજ પર બેસી વર્ષ ૨૦૧૭-૧૮ની બેલેન્સ શીટની કેટલીક પૂર્તતા પૂરી કરી. બાકીની પૂર્તતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સુધીરભાઈ સાથે બેસીને પૂરી કરવાનું નક્કી કર્યું.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસના રિવાઈઝ્ડ વેલ્યુએશન માટે વિગતવાર માહિતી આપતો એક પત્ર આજરોજ રજિસ્ટર્ડ વેલ્યુઅર શ્રી ભૂપેન્દ્ર શેઠને મોકલી આપવામાં આવ્યો.

★ **સોમવાર, તા. ૩૦-૭-૨૦૧૮**

- મ્યુનિ. રજિસ્ટર્ડ વેલ્યુઅર શ્રી ભૂપેન્દ્ર શેઠને ત્યાંથી સમાજની ઑફિસનો હાલની પરિસ્થિતિનો વેલ્યુએશન રિપોર્ટ આવી ગયેલ હતો. કે જે ખજાનચી શ્રી અતુલ સોની પર મોકલી આપવામાં આવ્યો.
- બસોના વ્હિકલ ટેક્ષમાં ઘટાડો નહીં થાય તેવો પત્ર જે વાહન વ્યવહાર વિભાગમાંથી આવ્યો હતો તેની એક ઝેરોક્ષ કોપી પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના શ્રી મેઘજીભાઈ ખેતાણી પર મોકલી આપવામાં આવી.
- શ્રી દિલીપભાઈ સંઘવી તેમના પિતાશ્રી તથા કચ્છશ્રુતિના એક લેખક સ્વ. શાંતિલાલ સંઘવીની જીવન ઝરમરની કેટલીક વિગતો આપી ગયા.
- 'બામ્બૂ ડે' નિમિત્તેનો બામ્બૂ વિશેનો એક લેખ કચ્છશ્રુતિના ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવા આર્કિટેક્ટ શ્રી પાર્થભાઈ ઠક્કર રૂબરૂ આવીને આપી ગયા.
- આજે અમદાવાદમાં રિક્ષાવાળાઓની હડતાળના કારણે આવવા - જવામાં અનેક લોકોને અસુવિધા રહી.

★ **બુધવાર, તા. ૧-૮-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઉઘરાણીના પત્રો પોસ્ટ કરવાનું કામ આજે પૂરું થયું.

★ **ગુરુવાર, તા. ૨-૮-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી એમાઉન્ટ માટે આજે કેટલાક મહાનુભાવોને ફોન કરવાના શરૂ કર્યા.
- કચ્છશ્રુતિ ઓગસ્ટ-૨૦૧૮ના અંકના પ્રથમ ૨૪ પાનાનું પ્રુફ રીડિંગ કરી તેને પ્રિન્ટરને ત્યાં મોકલી આપ્યા. તે સિવાય અન્ય ૧૦ પાનાનું પ્રુફ રીડિંગ કરી એ પણ પ્રિન્ટરને ત્યાં મોકલી આપ્યા.

★ **શુક્રવાર, તા. ૩-૮-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની 'કચ્છશ્રુતિ'માં જાહેરાત તથા અન્ય વિવિધ પ્રકારે બાકી રહેતી ઉઘરાણી માટે જે પત્રો લખવામાં આવ્યા છે તેના અનુસંધાને આજે જે તે સભ્યને ફોન કરવાના શરૂ કર્યા. બાકી રહેતી ઉઘરાણીનું પેમેન્ટ આવવાનું શરૂ થયેલ છે.

★ **ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૮**

- ભુજમાં મંગલમ્ હોલ ખાતે નખત્રાણા વિભાગના લગભગ ૨૫ જેટલા ખેડૂતો એકત્રિત થયેલ હતા. સાથે શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા અને બચુભાઈ આરેઠિયા પણ ઉપસ્થિત હતા. અમદાવાદથી શ્રી સુરેશચંદ્ર મહેતા પણ સાથે હતા. કચ્છ માટે નર્મદા નદીના પીવા માટેના પાણી, નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી, નર્મદા નદીના વધારાના પાણી, કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી તથા રણ સરોવર અંગે વિગતવાર ઉપસ્થિતોને સમજાવવામાં આવેલ હતું. આ જ સભામાં શ્રી યોગેશભાઈ જાડેજાએ કચ્છના વરસાદી પાણી વિશેની માહિતી આપેલ હતી.

★ **શનિવાર, તા. ૧૧-૮-૨૦૧૮**

- મે. પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સમાં શ્રી મેઘજીભાઈ ખેતાણી પાસે જઈ દત્તક યોજનાના એક વિદ્યાર્થીના રૂા. ૨૧,૦૦૦/- મેળવ્યા અને તેને બેંકમાં જમા કરાવ્યા.
- બપોર બાદ શ્રી જગદીશભાઈ ઠક્કર ઓફિસ પર આવ્યા હતા. તેઓ સાથે કચ્છશ્રુતિની સૌજન્ય યોજના વિશે વિગતે ચર્ચા કરવામાં આવી. શ્રી દિનેશભાઈ મહેતાએ પણ તેમની સાથે વિગતે ચર્ચા કરતા આ સૌજન્ય યોજનામાં તેઓશ્રીનું પણ એક નામ લખવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૧૪-૮-૨૦૧૮**

- GSRTC જે બસો ભાડે લે છે તેના ટેક્ષીસના અનુસંધાને આજરોજ એક R.T.I. અરજી કરવામાં આવેલ છે. તેની એક કોપી શ્રી મેઘજીભાઈ ખેતાણી પર મોકલવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૧૬-૮-૨૦૧૮**

- વિદ્યાર્થી દત્તક યોજનાના અનુસંધાને આવેલ ૩ વિદ્યાર્થીઓની અરજીના બધા પેપર્સ ચેક કરી વિદ્યાર્થી દત્તક યોજના સમિતિએ તે મંજૂર રાખ્યા. તેના અનુસંધાને દરેકના રૂા. ૨૧,૦૦૦/-ના હિસાબે ત્રણ વિદ્યાર્થીના ચેકો લખવામાં આવ્યા.
- આજરોજ શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી રાજુભાઈ એકાઉન્ટન્ટ સમાજની ઓફિસે એકત્રિત થયેલ હતા અને બેલેન્સ શીટ બાબત જરૂરી ચર્ચા કરી ફાઈનલ પેપર્સ તૈયાર કરેલ હતા. આ બધા પેપર્સ

તેઓશ્રીએ ઓડિટર્સ શ્રી સુધીરભાઈ શાહ પર મોકલી આપેલ હતા.

- ક્રેડિટ સોસાયટીની મીટિંગ ગુરુવાર, તા. ૨૩-૮-૧૮ના રોજ અને સમાજના ટ્રસ્ટ મંડળની મીટિંગ શનિવાર, તા. ૨૫-૮-૧૮ના રોજ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **શુક્રવાર, તા. ૧૭-૮-૧૮**

- તા. ૨૩-૮-૧૮ની ક્રેડિટ સોસાયટીની મીટિંગના સરક્યુલર તથા તા. ૨૫-૮-૧૮ની સમાજની ટ્રસ્ટ મંડળની મીટિંગના સરક્યુલર તૈયાર કરી, તેને ટાઈપ કરાવી, જે તે સભ્યોને વૉટ્સ એપ દ્વારા મોકલી આપવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૧૮-૮-૧૮**

- વિદ્યાર્થી દત્તક યોજનાના ત્રણ વિદ્યાર્થીના વડીલશ્રીઓને બોલાવી તેઓ દરેકને રૂા. ૨૧,૦૦૦/-ના ચેકો સુપ્રત કર્યા.
- વિદ્યાર્થી દત્તક યોજનાના ત્રણે દાતાશ્રીને જે તે વિદ્યાર્થીને ચેક અપાઈ ગયા તેની જાણ કરતા પત્રો લખવામાં આવ્યા.
- શ્રી નારાયણભાઈ પટેલ (બ્લ્યુ આઈ)નું પેમેન્ટ રોકડમાં આવ્યું કે જે બેંકમાં જમા કરાવ્યું.

★ **રવિવાર, તા. ૧૯-૮-૧૮**

- 'પાટીદાર સંદેશ'ના ચાલુ અંકમાંથી અમદાવાદ સ્થિત ૨૦ સભ્યોની જાહેરાતમાંથી તેઓના નામ-સરનામા મેળવી કચ્છશ્રુતિના સૌજન્ય માટે તેઓશ્રીને પત્રો લખવામાં આવ્યા.

★ **સોમવાર, તા. ૨૦-૮-૧૮**

- પટેલ ટૂર્સની કચ્છશ્રુતિની જાહેરાતના રૂા. ૨૭,૦૦૦/-નો ચેક તેમને ત્યાંથી મેળવી લેવામાં આવ્યો અને તેને બેંકમાં ભરાવી પણ દેવામાં આવ્યો.

★ **મંગળવાર, તા. ૨૧-૮-૨૦૧૮**

- જે.આર.જે. ફુડ્સની જાહેરાતનો રૂા. ૨૧,૬૦૦/-નો ચેક તેમજ કર્મા કેમિકલ્સની જાહેરાતનો રૂા. ૧૦,૮૦૦/-નો ચેક આજ રોજ સમાજ પર તેઓ દ્વારા પહોંચાડવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૨૩-૮-૨૦૧૮**

- આજરોજ સમાજની ઓફિસ પર ક્રેડિટ સોસાયટીની મીટિંગ મળેલ હતી. શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલ સોની, શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત પીંડોરિયા, શ્રી હસમુખ મહેતા, શ્રી દીપક ચૌહાણ તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં ક્રેડિટ સોસાયટી ચાલુ રાખવી કે નહીં તે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ક્રેડિટ સોસાયટી ચાલુ ન રાખવાનો બહુમતીએ નિર્ણય લેવામાં આવેલ હતો.

★ **શુક્રવાર, તા. ૨૪-૮-૨૦૧૮**

- તરુબેન નરેન્દ્ર છગનલાલ શાહ સમાજ પર આવી સમાજની લાઈબ્રેરી માટે કેટલાક પુસ્તકો ભેટ સ્વરૂપે આપી ગયા.

★ **શનિવાર, તા. ૨૫-૮-૨૦૧૮**

- આજરોજ સમાજની ઓફિસ પર સમાજના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી નરસિંહભાઈ પટેલ તથા શ્રી દિનેશભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. (૧) ૨૦૧૭-૧૮ની બેલેન્સ શીટ પાસ કરવામાં આવી. (૨) આવતા દિવસોમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનું નક્કી કરવામાં આવ્યું. (૩) વક્તૃત્વ હરીફાઈ, ડ્રોઈંગ કોમ્પિટીશન જેવા નાના નાના પ્રોગ્રામો રાખવાનું નક્કી કરવામાં આવ્યું. (૪) સંસ્થાની વાર્ષિક ઉપજ માટે વર્ષ દરમ્યાન કેટલીક ઈવેન્ટો ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૮**

- તા. ૨૫-૮-૨૦૧૮ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટ્સ લખી દરેક ટ્રસ્ટીશ્રીને વૉટ્સ એપ દ્વારા મોકલી આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨૮-૮-૨૦૧૮**


- ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિના બધા જ ૬ સભ્યોને પત્ર લખી તેમનો આ ટુર્નામેન્ટ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેની જાણ કરી. તેઓને ક્રિકેટ ટુર્નામેન્ટની કાર્યવાહી આગળ ચાલુ કરાવી દેવાની વિગતો પણ જણાવવામાં આવી.
- 'કચ્છશ્રુતિ'ના સૌજન્ય દાતાશ્રી માટે ૫ જેટલા નામો ફોન દ્વારા નક્કી કરી લેવામાં આવ્યા. આ અગાઉ તેઓશ્રીને વિગતવાર પત્રો લખવામાં આવેલ હતા.

★ **ગુરુવાર, તા. ૩૦-૮-૨૦૧૮**

- જેઓ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સાથે નજીકથી સંકળાયેલ છે તેવા ૧૩ જેટલા સભ્યોને તેમના લવાજમ ભરી જવા અપીલ કરતો પત્ર વૉટ્સ એપથી મોકલી આપવામાં આવ્યો.
- કચ્છશ્રુતિ માટે વધુ ૩ મહાનુભાવોના નામ સૌજન્ય દાતા તરીકે ફોન દ્વારા મેળવી લેવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૧-૯-૨૦૧૮**

- જે સભ્યોએ અગાઉ ભરેલ બે વર્ષના લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા ૨૭ સભ્યોને ફરી લવાજમ ભરી જવા પત્રો મોકલવામાં આવ્યા. તેમાંથી ૧૭ સભ્યોને વૉટ્સ એપ દ્વારા જાણ કરવામાં આવી જ્યારે બાકી રહેતા ૧૦ સભ્યોને પોસ્ટ દ્વારા પત્રો મોકલવામાં આવ્યા.
- આજ રોજ શ્રી જગદીશભાઈ ઠક્કર તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સમાજની ઓફિસ પર રૂબરૂ આવેલ હોવાથી તેમની સાથે સમાજની વિવિધ યોજનાઓ બાબતે ચર્ચા કરવામાં આવી. ■


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maolao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779800
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇકોનેટ્રી
- ફેમિલી મેડિસીન
- ફીઝીશીયન મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઇ રીસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઇવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH CS | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

સુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્ત્રોત
• શ્રી લોહાણા મહાપરિષદ
• અખિલ ગુજરાત લોહાણા સમાજ
• શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
• શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
• શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
• શ્રી કચ્છી સમાજ અમદાવાદ
અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahendrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરુણા અહિંસા સુથરી પાંજરાપોળ
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(સુથરી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન
કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૯૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - સુથરી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૩૦

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
SRE
Raju ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax : 22900896, 22900300
Mob. : 9327005460, 9825733710
RE- ROLLING / S.S PATTA-PATTI

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Conforming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara, Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9825203489
Works 2 (Waghodia - Vadodara)

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH


**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DCPL DHOLUcon
**Mohan Dholu** | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION**
**AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX**
**PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GHTC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054
Ph. : (0) 26853279 • M. : 9909444590 • Telefax : 079 26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad : Kamal H. Shah : 98250 33598 • Mumbai : Punit H. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 3890 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy

Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema, S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows, State Highway, Motera, Dist. Gandhinagar.
Phone # 91-79-27571126
Fax # 91-79-27502444
Email info@deepindustries.com

**PRARAMBH**
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
**Prarambh Buildcon Ahmedabad LLP**
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
**RUDANI**
**INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 | Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 | Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)